પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૪-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

સારા સંબંધ એને જ કહેવાય જે તમારા ભૂતકાળ ને સ્વીકાર કરે, વર્તમાનમાં સાથ આપે અને ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરે




### અફવાઓ ન ફેલાવતા, ઈંધણની અછત થવાની નથી

# પેટ્રોલ-ડીઝલનો પુરતો જથ્થોઃ લોકોને જરૂરિયાત મુજબ ઈંધણ પુરાવવા અપીલ

**અછતના લીધે નહીં પરંતુ સાવચેતીના ભાગરૂપે પેટ્રોલ પંપના સંચાલકોએ ઈંધણમાં રેશનીંગ સિસ્ટમ શરૂ કરી છેઃ અછતની અફવાના કારણે ગઈકાલથી ટાંકી ફુલ કરાવવા લાઈનો લગાવતા વાહન ચાલકો**

**અબતક, રાજકોટ**

પેટ્રોલ અને ડીઝલની કારમી અછત સર્જાશે તેવી અફવાની આંધીના કારણે વાહન ચાલકો ટાંકી ફુલ કરાવવા માટે ગઈકાલથી પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવી રહ્યા છે. મોડી રાત સુધી વેચાણ ચાલુ રાખવાના કારણે આજે સવારે કેટલાક પેટ્રોલ પંપ પર વેચાણ બંધ હતું. ઓઈલ કંપનીઓ દ્વારા પુરતા પ્રમાણમાં ડિલરોને પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. પેટ્રોલ-ડીઝલનો પુરતો જથ્થો આવી રહ્યો છે. લોકોને પેનિક નહીં થવા અને જરૂરીયાત મુજબ ઈંધણનો જથ્થો પુરાવવા સરકાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ઈરાન અને ઈઝરાયેલ અમરેલી વચ્ચેનું યુદ્ધ દિન-પ્રતિદિન ભયંકર બની રહ્યું છે. જેના કારણે હવે ઈંધણની ભારે અછત સર્જાશે તેવી અફવાની આંધીએ લોકોને ફરી

(અનુ. આઠમા પાને)



તસવીરઃ શૈલેષ વાડોલીયા



## જથ્થો હોવા છતાં પંપ બંધ રાખનારા ડીલર સામે સખત કાર્યવાહી કરાશેઃ મોના ખંધાર

આ સંદર્ભે અન્ન, નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખાંધારે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ પેટ્રોલ પંપો પર જરૂરિયાત મુજબનો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની અને પેનિક થવાની જરૂર નથી. આ ઉપરાંત રાજ્યમાં પૂરતો ઈંધણનો 'બફર સ્ટોક' પણ ઉપલબ્ધ છે, જેથી કોઈએ ગભરાવાની કે ખોટી ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી. અધિક મુખ્ય સચિવએ ઉમેર્યું હતું કે, અમુક જગ્યાએ પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન-ના સ્ટેટ નોડલ ઓફિસર અને એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર સંજીવ બહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ પેટ્રોલ-ડીઝલના ડેપો અને ટર્મિનલ્સમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઈન્વેન્ટરી ઉપલબ્ધ છે. જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાઈનો લગાવવાની જરૂર નથી અને ગમે ત્યારે જોઈએ તેટલું ઈંધણ મળી રહેશે. ભારતના પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટે કહ્યું હતું કે, ઓઈલ કંપનીઓએ સપ્લાયના કલાકો વધાર્યા છે અને જથ્થામાં પણ વધારો કર્યો છે. વધુમાં, સોશિયલ મીડિયામાં આવતા ખોટા મેસેજ કે અફવાઓથી દોરાઈને પંપ પર ભીડ ન કરવી જોઈએ. ગુજરાતમાં ઈંધણની કોઈ જ તકલીફ નથી અને ભવિષ્યમાં પણ રહેશે નહીં.

## પેટ્રોલ પંપો પર ઈંધણનો પુરવઠો ઉપલબ્ધઃ રાજકોટ જિલ્લા કલેક્ટર

**ગેરમાર્ગે ન દોરાવા જિલ્લાવાસીઓને કલેક્ટર ડો.ઓમ પ્રકાશનો અનુરોધ**

રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા થોડા સમયથી પેટ્રોલ અને ડીઝલની અછત અંગે વહેતા થયેલા અહેવાલો બાબતે કલેક્ટર ડો. ઓમ પ્રકાશે નાગરિકોને ખાતરી આપતા જણાવ્યું કે જિલ્લાના તમામ પેટ્રોલ પંપો પર ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં ૨૬૪ અને શહેર વિસ્તારમાં ૯૭ મળીને કુલ ૩૬૧ પેટ્રોલ પંપ કાર્યરત છે. જેમાં પૂરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે. તેલ કંપનીઓ દ્વારા પણ પુરવઠો નિયમિત રીતે પૂરો પાડવામાં

(અનુ. આઠમા પાને)

### ઘરગથ્થુ ગેસની અછત વચ્ચે સારા સમાચાર

## ૯૨,૬૦૦ ટન રાંધણગેસ ભરેલા બે જહાજો શનિવાર સુધીમાં પહોંચશે

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના તણાવ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા ભારતીય ધ્વજ ધરાવતા બે મોટા એલ પી જી ટેન્કરો, 'જગ વસંત' અને 'પાઈન ગેસ', સુરક્ષિત રીતે બહારની નીકળી ગયા છે. આ બંને જહાજોમાં કુલ ૯૨,૬૦૦ ટન રાંધણગેસનો જથ્થો છે, જે આગામી શનિવાર સુધીમાં ભારતીય બંદરો પર પહોંચી જશે. યુદ્ધ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં કુલ ૪ ભારતીય જહાજો સુરક્ષિત રીતે પસાર થયા છે, જેનાથી દેશમાં ગેસના પુરવઠામાં મોટી રાહત મળશે. સરકાર હાલ બાકી રહેલા ૨૦ જેટલા ભારતીય જહાજો અને ક્રૂ મેમ્બરોને પણ સુરક્ષિત પરત લાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

# મોદી સરકારની લોકસભામાં ધરપતની જાહેરાતથી શેરબજારમાં ૫૦૦ પોઈન્ટનો ઉછાળો

### સેન્સેક્સ ૧૫૦૦ અને નિફ્ટી ૩૬૦ પોઈન્ટના ઉછાળા સાથે ખુલ્યા બાદ થોડા નીચે સરક્યાં

## પશ્ચિમ એશિયાની સ્થિતિને 'ચિંતાજનક' ગણાવતા વડાપ્રધાન

**ઊર્જા સુરક્ષા અને વિદેશમાં વસતા ભારતીયોની સલામતી પર સરકારનો ભાર : મોદીએ લોકસભામાં કરેલા સંબોધનના ૧૦ મુખ્ય મુદ્દાઓ**

- **સંવાદ અને કૂટનીતિ પર ભારઃ** ભારતનું મુખ્ય વલણ લશ્કરી ઉશ્કેરણીને બદલે સંવાદ અને કૂટનીતિમાં રહેલું છે. યુદ્ધ માનવતાના હિતમાં નથી અને આ સંઘર્ષને સમાપ્ત કરવા માટેના પ્રયાસો શાંતિપૂર્ણ વાટાઘાટો પર કેન્દ્રિત છે.
- **પશ્ચિમ એશિયાના નેતાઓ સાથે સક્રિય જોડાણઃ** નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાના નેતાઓ સાથે સીધો સંવાદ કર્યો છે, જે પરિણામોને પ્રભાવિત કરવા અને સંયમ જાળવવાની ભારતની સક્રિય કૂટનીતિ દર્શાવે છે.
- **કોવિડની જેમ કટોકટીને પાર કરીશુંઃ** નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન જે રીતે એકતા દર્શાવી હતી, તેવી જ રીતે આ લાંબા સમય સુધી ચાલી શકે તેવી કટોકટી માટે તૈયાર અને એકજૂથ રહેવા આહ્વાન કર્યું હતું.
- **વિદેશમાં વસતા ભારતીયોની સલામતીઃ** સંસદને ખાતરી આપવામાં આવી છે કે પ્રભાવિત વિસ્તારોમાં દરેક ભારતીયને સહાય મળી રહી છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાનમાંથી આશરે ૧,૦૦૦ સહિત ૩,૭૫,૦૦૦ થી વધુ ભારતીયો સુરક્ષિત રીતે ભારત પરત ફર્યા છે.
- **દરિયાઈ સુરક્ષા અને વેપાર માર્ગો અંગે ચિંતાઃ** હોર્મુઝની સામુદ્રધુનીમાં વિક્ષેપ એક મોટી ચિંતા છે અને વ્યાપારી જહાજો પરના હુમલા અસ્વીકાર્ય છે. ભારતીય જહાજોની સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સરકાર રાજદ્વારી માધ્યમો દ્વારા સક્રિયપણે કામ કરી રહી છે.
- **ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાના પગલાંઃ** સરકાર અવિરત પ્રવાહ જાળવી રાખવા માટે વિવિધ દેશોના સપ્લાયર્સ સાથે સતત સંપર્કમાં છે. ભારત પાસે ૫.૩ મિલિયન મેટ્રિક ટનથી વધુ વ્યુહાત્મક પેટ્રોલિયમ અનામત છે, અને ભવિષ્યમાં તેમાં વધુ ૬.૫ મિલિયન મેટ્રિક ટન ઉમેરવાની યોજના છે.
- **ઈંધણ અને આવશ્યક પુરવઠો સુનિશ્ચિત કરવોઃ** સરકાર ઈંધણ અને આવશ્યક ચીજવસ્તુઓની અછતને રોકવા માટે કામ કરી રહી છે, જેથી સામાન્ય નાગરિકોને ઓછામાં ઓછી અસુવિધા થાય.
- **આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષાની અસરોઃ** આ ચાલી રહેલા યુદ્ધને 'ચિંતાજનક' ગણાવ્યું હતું, જેની આર્થિક સ્થિરતા અને રાષ્ટ્રીય સુરક્ષા પર વ્યાપક અસરો જોવા મળી રહી છે. ઊર્જા પુરવઠા અને વેપાર માર્ગોમાં વિક્ષેપની ભારતની અર્થવ્યવસ્થા પર ગંભીર અસરો થઈ શકે છે.
- **અન્ન સુરક્ષા અને કૃષિમાં સજ્જતાઃ** દેશ પાસે મજબૂત અનાજનો ભંડાર છે, જે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરે છે. આગામી ખરીફ સિઝન માટે ખાતરની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.
- **ઊર્જા ઉત્પાદન અને રિન્યુએબલ પ્રગતિઃ** તમામ પાવર પ્લાન્ટ્સ પાસે પૂરતો કોલસાનો સ્ટોક છે, જેને સતત બે વર્ષ સુધી એક અબજ ટનથી વધુના રેકોર્ડ ઉત્પાદનનો ટેકો મળ્યો છે.

**અબતક, નવી દિલ્હી**

મિડિલ ઈસ્ટમાં છેલ્લા ૨૪ દિવસથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે મોદી સરકારે લોકસભામાં ધરપતની આપતા આજે બજારમાં ૫૦૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૫ દિવસના સીઝફાયરની જાહેરાત કરવામાં આવી છે. તેની પણ અસર શેરબજારમાં વર્તાય છે.

શેરબજાર સૂચકાંક સેન્સેક્સ નિફ્ટી મોટા ઉછાળે ખુલ્યા છે. સેન્સેક્સ ૧,૫૧૬ પોઈન્ટ ઉછળી ૭૪૨૧૨ ખુલ્યો છે. એનએસઈ નિફ્ટી ૩૬૬ પોઈન્ટ સુધરી ૨૨૮૭૮ ખુલ્યો હતો. યુદ્ધ વિરામની અટકળો વચ્ચે વૈશ્વિક શેરબજારોએ રાહતના શાંત લીધો છે. ગઉકાલે અમેરિકન માર્કેટ ૬૦૦ પોઈન્ટ જેટલો ઉછળ્યો હતો. એશિયન બજારમાં પણ તેજીનો માહોલ હતો.

ટ્રમ્પની જાહેરાત અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવમાં નરમી આવતા રોકાણકારોનો ભરોસો વધ્યો છે. ગ્લોબલ સંકેતોને પગલે ગિફ્ટ નિફ્ટીમાં ૩૫૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે જાપાન અને કોરિયાના બજારો પણ ૧ થી ૨% મજબૂત થયા છે. ટોપ ગેઈનર્સમાં નિફ્ટી ૫૦ પર શ્રીરામ ફાઈનાન્સ, આઈશર મોટર્સ, એશિયન પેઈન્ટ્સ, ઈન્ડિગો અને ટાઈટન જેવા શેરો લીલા નિશાન સાથે ટ્રેડ કરી રહ્યા છે. સવારે ૧૧ વાગ્યે સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટના ઉછાળા

(અનુ. આઠમા પાને)

## રૂપિયામાં ૧૪ પૈસાનો સુધારો

શેરબજારમાં ઉછાળા સાથે ડોલર સામે રૂપિયો પણ મોટા સુધારે સાથે ખુલ્યો હતો. આજે ડોલર સામે રૂપિયો ૩૪ પૈસા વધીને ૯૩.૬૪ ખુલ્યો હતો. જ્યારે સોમવારે ડોલર સામે ભારતીય ચલણ ૯૩.૯૮ રૂપિયા બંધ થયો હતો. ડોલરમાં નરમાઈ અને ક્રૂડ ઓઈલના ભાવ ઘટતા રૂપિયો મજબૂત થયો છે. બાદમાં ૧૧ વાગ્યાના અરસામાં રૂપિયામાં ૧૪ પૈસાનો સુધારો પહોંચ્યો હતો.




# સોના-ચાંદીમાં ગાબડા યથાવત

### ચાંદીના ભાવમાં રૂ.૧૧૫૦૦ અને સોનાના ભાવમાં ૨૬૫૦ રૂપીયાનો કડાકા

**અબતક, રાજકોટ**

સોના અને ચાંદીના ભાવમાં કડાકા યથાવત છે ખાડી દેશો વચ્ચેનું યુધ્ધ શાંત થવાનું નામ લેતુ નથી જેના કારણે રોકાણકારો હવે સલામત રોકાણથી છેટા ભાગી રહ્યા છે. ગઈકાલે સોમવારે સોના અને ચાંદીના ભાવમાં તોતીંગ કડાકા બોલી ગયા હતા દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાંચ દિવસ સુધી ઈરાનના ઓઈલ પ્લાન્ટ પર હુમલો નહી કરે તેવું નિવેદન આપતા બુલીયન બજારમાં ફરી



તેજી જોવા મળી હતી જોકે હજી ઈરાન અને અમેરિકા સામસામા હુમલા કરી રહ્યા હોવાના કારણે બૂલીયન બજારમાં મંદીની સુનામી જોવા મળી હતી. આજે ઉઘડતી બજારે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે ચાંદીના ભાવમાં ૧૧૫૦૦નો કડાકો બોલી ગયો હતો. ચાંદીના ભાવ રૂ.૨,૧૩,૫૦૦ની સપાટી સુધી સરકી ગયા હતા જયારે સોનાના ભાવમાં રૂ. ૨૬૫૦નો ઘટાડો રહ્યો હતો. સોનાના ભાવ રૂ.૧,૩૬,૭૦૦ રહેવા પામ્યા હતા.

### શ્વાસ લો મુક્તપણે, ટીબીને કહો કાયમી અલવિદા

# ટીબી "અસાધ્ય" નથી જ, સાવચેતી જરૂરી: આજે વિશ્વ ટીબી દિવસ

## ટીબી, ક્ષય કે ટયુબરક્યુલોસિસ એક રોગ છે, જે બેકટેરીયાથી થાય છે: આ રોગ મોટાભાગે ફેફસાને અસર કરે છે, તે ચેપી છે, અને દર્દીને ઉધરસ, છીંક કે નાકમાંથી નીકળતા ટીપા દ્વારા અન્ય લોકોને ચેપ લાગી શકે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

દુનિયાભરમાં અને આપણા દેશમાં રાજરોગ ટીબીએ ઘણો કોહરામ મચાવેલો, ચેપી રોગની વ્યાખ્યામાં આવતો ટીબી આજે સામાન્ય થઈ ગયો છે, પણ છેલ્લા દશકામાં પ્રથમવાર ૨૦૨૦માં તેનાથી થતાં મૃત્યુનો આંક વધ્યો હતો. ૧૮૮૨ થી ૧૯૮૨માં ટીબીને સો વર્ષ પૂર્ણ થયા બાદ ૧૯૯૫માં ઠંઇંઘ એ પ્રથમ વખત રોગ સામે જાગૃતિ લાવવા વિશ્વ ટીબી દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. સિલિકોસિસથી પીડાઈ રહ્યા છે તેને ટીબી થવાનો ૩૦ ગણો ભય રહે છે. ડાયાલિસિસ પર હોય તેમને પણ ૧૦ થી ૨૫ ગણું ટીબીનું જોખમ છે. આ ઉપરાંત ડાયાબિટીસના દર્દીઓમાં સક્રિય ટીબી થવાનું જોખમ વધારે છે. ઓછા વજન પણ ક્ષય રોગનાં જોખમ સાથે સંકળાયેલ છે. ટીબીના વૈશ્વિક રોગીઓની કુલ સંખ્યાના ૨૭ ટકા ભારતનાં દર્દીઓ હોય છે. વિશ્વએ ૨૦૩૦ સુધીમાં ટીબી નાબૂદીનું લક્ષ્યાંક નક્કી કર્યું છે. ટીબી, ક્ષય કે ટ્યુબરક્યુલોસિસ એક રોગ છે, જે બેક્ટેરીયાથી થાય છે. આ રોગ મોટાભાગે ફેફસાને અસર કરે છે, તે ચેપી છે, અને દર્દીને ઉધરસ કે છીંક કે નાકમાંથી નીકળતા ટીપા દ્વારા અન્ય લોકોને ચેપ લાગી શકે છે. માત્ર ફેફસાનો ટીબી ચેપી છે. અન્ય ભાગોમાં પણ પ્રસરી શકે છે પણ હવે તે ચેપી નથી. તેની સારવારમાં બેદરકારી જીવલેણ પણ બની શકે ઈ.સ.૧૮૮૨માં આજના દિવસે ડો.રોબર્ટ કોચ નામના તબીબે સૌ પ્રથમ ક્ષય કે ટીબી રોગના જંતુઓ શોધી કાઢયા હતા. એમની યાદમાં દર વર્ષે આ દિવસે ક્ષય નિવારણ દિવસ ઉજવાય છે. મુખ્યત્વે આ રોગ બીડી, સીગારેટ, તમાંકુ વિગેરેના વધુ પડતા સેવનને કારણે થતો જોવા મળે છે.

ટી.બી.નાં દર્દીઓની સમપાંતરે તપાસ થાય તેવી નિદાન સારવાર અને ટ્રીટમેન્ટ ફોઓલોપ વ્યવસ્થા વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગોઠવી છે. આપણાં ભારત દેશે પણ રાષ્ટ્રીય ક્ષય નિવારણ બોર્ડ બનાવેલ છે. જેમાં ટ્રીટમેન્ટનો ડોટ કાર્યક્રમ અમલમાં છે. દર્દીને ઘેર બેઠા દવા મળી જાય છે. અગાઉ આ રોગને 'રાજરોગ' પણ કહેતા હતા. રોગ ચેપી હોવાથી દર્દીની સારવાર કરવામાં ખૂબ તકેદારી રાખવી પડે છે. ક્ષય રોગને પહેલા ઘાસણી પણ કહેતા અંગ્રેજીમાં ટ્યુબરક્યુલોસિસ કે ટીબી કહેવાય છે. પ્રાચિનકાળમાં તેને વડમા કહેતા હતા. ટીબી સામાન્ય રીતે ફેફસા ઉપર હુમલો કરે છે, ઘણીવાર તે શરીરનાં અન્ય ભાગને પણ નુકશાન કરે છે. તે હવા દ્વારા ફેલાતો રોગ હોવાથી જ્યારે રોગીને ખાંસી કે છીંક આવે ત્યારે આડો રૂમાલ રાખવો જરૂરી છે. લોહીની તપાસથી આ રોગનું નિદાન થાય છે.દુનિયાની ત્રીજા ભાગની વસ્તી ટ્યુબરક્યુલોસિસથી પિડાતી હોવાનું મનાય છે, અને દર બીજી સેકન્ડે વધુ એક વ્યક્તિને તેનો ચેપ લાગે છે. દર વર્ષે તેની સંખ્યા સ્થિર થતી જાય છે પણ વસ્તી વધારાને કારણે નવા કેસોની સંખ્યા વધતી જોવા મળે છે.




સૌથી વધુ કેસો વિકાસશીલ દેશોમાં જોવા મળે છે. સાથે વિકસિત દેશોમાં પણ ઈમ્યુનોસ પ્રેસિલ ડ્રગ પદાર્થોનું વધુ સેવન કે એઈડ્સને કારણે તેમની રોગપ્રતિકારક શક્તિ ઘટી છે. સમગ્ર વિશ્વમાં ક્ષય રોગના દર્દીઓની સંખ્યા સમાન નથી હોતી. એશિયા અને આફ્રિકામાં ૮૦ ટકા વસ્તી ક્ષય રોગના ટેસ્ટમાં પોઝિટીવ આવે છે, તો અમેરીકામાં માત્ર ૫ થી ૧૦ ટકા જ લોકો પોઝિટીવ આવે છે. ટીબીએ સમગ્ર વિશ્વને તેની ઝપટમાં લીધું છે. આ એક ચેપી રોગ છે. આજના દિવસની ઉજવણીનો હેતું ક્ષય રોગ વિશે લોકોમાં જનજાગૃતિ આવે અને લોકો આ રોગથી બચે તેવો છે. સમાજમાં આ રોગથી પિડાતા લોકોને શોધવા જરૂરી છે, કારણકે તેના બેક્ટેરીયા હવામાં ફેલાતા હોવાથી અન્યને ચેપ લગાડી શકે છે. ક્ષય રોગના મુખ્ય લક્ષણોમાં લાંબા સમયની ઉધરસ કે ખાંસી, ગળફામાં લોહી પડવું, તાવ, રાત્રે પરસેવો વળવો અને વજનમાં ફેરફાર જેવા મુખ્ય ચિન્હો જોવા મળે છે. છાતીના એકસરે-ગળાની તપાસથી નિદાન થઈ શકે છે. આપણો દેશ આ રોગમાં અગ્રણી દેશોમાં છે. બાકીના દેશોમાં ચીન, ઈન્ડોનેશીયા, ફિલીપેઈન્સ, પાકિસ્તાન, નાઈજીરીયા, બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. માનવીની રોગ પ્રતિકારશક્તિને કારણે બેકટેરિયા નાશ પામે છે. ચેપ લાગેલી દસ વ્યકિતઓમાંથી એક વ્યકિતને તેમના જીવનકાળ દરમ્યાન ટીબી થઈ શકે છે. ટીબી સ્વાસ્થ્યરૂપી સંકટ અને સ્વાસ્થ્ય સુરક્ષા માટે ખતરો બન્યો છે. જો કે દર વર્ષે તેના ચેપનું પ્રમાણ વિશ્વમાં બે ટકા ઘટી રહ્યું છે. આ વર્ષની ઉજવણી થીમ "આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએ" છે, જેનો હેતુ છે કે ટીબીનો અંત લાવી શકાય છે, જો દેશો પ્રાથમિક આરોગ્ય સંભાળને મજબૂત બનાવે, ઝડપી નિદાન સાધનોનો વિસ્તાર કરે અને મહેનતથી મેળવેલા લાભોનું રક્ષણ કરવા માટે હમણાં જ કાર્ય કરે તો જ આ શક્ય છે. ટીબી દુનિયાનો સૌથી ઘાતક રોગ છે, આજે પણ તેને સંપૂર્ણ રીતે તેને નાબૂદ નથી કરી શકાયો. રાજરોગ ગણાતો ટીબી સૌથી પ્રાચિન રોગ છે. જેનો ઉલ્લેખ વેદ પુરાણો અને આયુર્વેદિક સંહિતામાં પણ ઉલ્લેખ જોવા મળે છે. ભારતમાંથી ટીબીની નાબૂદી કરવા માટે ભગિરથ પ્રયાસોની જરૂર છે. તે વાયુજન્ય રોગ હોવાથી ઝડપથી અને સહેલાયથી પ્રસરી શકે છે. ટીબીના જીવાણું અત્યંત સૂક્ષ્મ હોવાથી સહેલાયથી હવામાં પ્રસરી શકે છે. ઠંઇંઘ ટીબીનો અંત લાવવા માટે મજબૂત રાજકીય પ્રતિબદ્ધતા, વધુ નવીનતા અને વિકેન્દ્રિત સંભાળની હાકલ કરી છે.

પ્રાચિન ઈતિહાસ જોઈએ તો પ્રજાપતિ દક્ષના શ્રાપથી વિશ્વના પ્રથમ ક્ષય રોગ દર્દી ચંદ્રદેવ બનેલા હતા. જેનું નિવારણનું કાર્ય ભગવાન શંકરજીએ કરેલ હતું. આ એક સંક્રામક બિમારી છે. જેના વિશ્વમાં દર ત્રણ મીનીટે બે લોકો મૃત્યુ પામે છે. ક્ષય રોગનું ફેલાવાનું સૌથી મોટું કારણ લોકોમાં જાણકારીનો અભાવ જોવા મળે છે. ટીબી એક સંપૂર્ણ રીતે સારવાર યોગ્ય રોગ છે.સમયસર તપાસ અને નિયમિત દવા લેવાથી દર્દી સંપૂર્ણ સ્વસ્થ થઈ શકે છે. End TB by ૨૦૩૦ વિશ્વનો મુખ્ય લક્ષ્ય છે, ત્યારે જો આપણે સંભાળમાં પરિવર્તન લાવીએ અને હમણાં જ કાર્ય કરીએ તો આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએ.

**ઈ.સ.૧૮૮૨ માં આજના દિવસે ડો.રોબર્ટ કોચ નામના તબીબે સૌ પ્રથમ ક્ષય કે ટીબી રોગના જંતુઓ શોધી કાઢયા હતા: આજના યુગનો દરેક ઘરનો એક જ નારો, ટીબી મુક્ત પરિવાર અમારો**

### ભારતમાં દર વર્ષે આશરે ૨૮ લાખથી વધુ નવા "ટીબી" ના કેસ નોંધાય છે

આજની તારીખમાં પણ ટીબી કેટલો ઘાતક છે, તે વૈશ્વિક આંકડાઓ ઉપરથી ખબર પડે છે. આજે પણ સૌથી ખતરનાક સંક્રમિત રોગોમાંથી એક છે. સર્વે મુજબ વિશ્વમાં દર વર્ષે આશરે એક કરોડ લોકોને ટીબી થાય છે. અંદાજે ૧૩ લાખ લોકોના મૃત્યુ થાય છે.ભારતમાં દર વર્ષે આશરે ૨૮ થી ૩૦ લાખ નવા ટીબી કેસ નોંધાય છે, જેમાં મૃત્યુ આંક અંદાજે ચાર થી પાંચ લાખ લોકોનો જોવા મળે છે. વિશ્વના કુલ ટીબી કેસમાં ભારતનો હિસ્સો લગભગ ૨૭% થી વધુ છે. આપણા ગુજરાતમાં દર વર્ષે આશરે દોઢ થી બે લાખ ટીબી કેસ નોંધાય છે.રાજ્યમાં ટીબી નિયંત્રણ માટે સરકાર દ્વારા નિક્ષય યોજના હેઠળ સારવાર અને પોષણ સહાય આપવામાં આવે છે.

# અમરેલીના સોનારીયા-કથીવદર ગામને જોડતા સુવિધાપથનું ખાતમુહુર્ત કરતા મંત્રી કૌશિક વેકરીયા

**સોનારીયા ગામે ૫ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલના નિર્માણથી ગ્રામજનોને વધુ સુવિધા મળશે**



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી તાલુકાના સોનારીયા ગામે વિકાસકાર્યોને નવી ગતિ આપતા વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાઓ વધારવા માટે મહત્વપૂર્ણ યોજનાઓની શરૂઆત કરવામાં આવી હતી. અમરેલીના સોનારીયા અને કથીવદર ગામ વચ્ચે અંદાજે ૩૦૦ મીટર લાંબો સુવિધાપથ બનાવવામાં આવશે. આશરે રૂ.૫૦ લાખના ખર્ચે બનનાર આ રોડ માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા નિર્માણ કરવામાં આવશે. રોડ પૂર્ણ થયા બાદ બંને ગામ વચ્ચે આવનજાવન સરળ બનશે અને ગ્રામજનોને વધુ સુવિધા મળશે. સાથે સાથે સોનારીયા ગામમાં અંદાજે રૂ.૫ લાખના ખર્ચે નવા કોમ્યુનિટી હોલના નિર્માણનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫ ગામોમાં જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના આગેવાનો, સોનારીયા ગામના સરપંચ દિલુભાઈ તથા ગ્રામ પંચાયતના સભ્યો સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# દસાડાના રણમાં અગરિયાઓને થયેલી નુકસાનીનો તાગ મેળવતા ધારાસભ્ય પી.કે. પરમાર

### મિની વાવાઝોડાથી નુકસાન થયું હતું: સોલાર યોજના શરૂ કરવા અને વળતર ચુકવવા માંગ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



દસાડા તાલુકામાં આવેલ કચ્છના નાના રણમાં તાજેતરમાં કમોસમી વરસાદ અને મીની વાવાઝોડાના કારણે ઘરવખરી, ઝુંપડાઓ અને મીઠાને તથા વ્યાપક પ્રમાણમાં નુકસાન પહોંચ્યુ હતુ ત્યારે તંત્ર દ્વારા માત્ર સોલાર પેનલનો સર્વે થતા અગરિયાઓમાં ચિંતા જોવા મળી હતી. જે અંગે ભાજપના ધારાસભ્ય પી.કે. પરમાર રણમાં અગરિયાઓની મુલાકાત નહી લેતા શાબ્દિક પ્રહારો પણ કર્યા હતા. ત્યારે બીજે દિવસે એટલે કે રવિવારના રોજ સ્થાનિક ધારાસભ્યએ પણ રણમાં પહોંચી અને અગરિયાઓની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી અને સરકાર પાસે લેખિત રજુઆત કરી નુકશાની અંગે સહાય પેકેજની માંગ કરી હતી. જેમાં સોલાર યોજના બંધ કરવામાં આવી છે તે ફરી શરૂ કરવા અને ખેડુતોને ખેડુતોને જેમ નુકશાની અંગે રૂ.૪૪૦૦૦ વળતર આપવામાં આવ્યું તેવી જ રીતે અગરિયાઓને પણ વળતર આપવામાં આવે તેવી હાલના ભાજપના સ્થાનિક ધારાસભ્ય દ્વારા માંગ કરવામાં આવી છે.

# હિંમતનગરના મુનપુરમાં રૂ.૪૮ લાખના વિકાસકામોનું લોકાર્પણ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના મુનપુર ગામે શનિવારે કુલ ૪૮ લાખ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાના હસ્તે સંપન્ન થયો હતો. આ વિકાસકામોમાં ૨૫ લાખ રૂપિયાના ખર્ચે નવીન ગ્રામ પંચાયત ભવન અને ૧૦ લાખ રૂપિયાના ખર્ચે બનનાર નવીન પ્રોટેક્શન દિવાલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે પાંચ લાખ રૂપિયાના ખર્ચે બનેલા પ્રાથમિક શાળાના નવીન શેડ અને ૮ લાખ રૂપિયાના ખર્ચે બનેલી નવીન આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે હિંમતનગર તાલુકા ભાજપા મહામંત્રી ભવરસિંહ ચૌહાણ,પૂર્વ તાલુકા પંચાયત ઉપપ્રમુખ હિતેશ પટેલ,પૂર્વ તાલુકા પંચાયત ઉપપ્રમુખ વિષ્ણુસિંહ ચૌહાણ,એ.પી.એમ.સી ડિરેક્ટર મુકેશ પટેલ,સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૩-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (કરસનદાસ પે એન્ડ યુઝ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૩-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# ધોરાજીની સરકારી હોસ્પિટલના આંખ વિભાગમાં એક જ દિવસમાં પાંચ ઓપરેશન



### આંખ વિભાગની કામગીરીથી દર્દીઓમાં સરાહના

**અબતક રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીની સરકારી હોસ્પિટલમાં આંખ વિભાગ આધુનિક સાધનોથી સજ્જ છે અને આંખના નિષ્ણાત ડો.અર્પિતાબેન મિસ્ત્રી દ્વારા ગઈકાલે એકી સાથે પાંચ દર્દીઓના આંખના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરેલ હતી અને દર્દીઓના સગાએ સરકારી હોસ્પિટલની આંખ વિભાગની કામગીરીને બિરદાવી હતી. આ તકે સરકારી હોસ્પિટલ અધિકારી જયેશ વસેટીયને જણાવેલ હતું કે ધોરાજી સરકારી હોસ્પિટલમાં આધુનિક સાધનોમાં મણીના માપ લેવાનું મશીન ચશ્માના નગર કાઢવાનું મશીન ફડસકેમેરા ઓપરેટિવ માઈક્રોસ્કોપ અને છારી ઉતારવા સહિતના આધુનિક સાધનો છે અને મોતિયા સહિતના ઓપરેશન તો ચાલુ છે પણ એકી સાથે એક દિવસમાં પાંચ ઓપરેશન કરી દર્દીઓના કરી અપાયેલ છે.

## અબતક પંચાગ

**તા.૨૫-૩ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ સાતમ
**નક્ષત્ર** મૃગશીર્ષ
**યોગ** સૌભાગ્ય **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૪૭ **સુર્યાસ્ત:** ૭
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ.
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | | | ૨ | |
| | ૨ | | ૩ | ૬ | | | ૫ | |
| ૮ | | | | | | ૪ | | ૬ |
| | ૧ | | | | ૮ | | | ૪ |
| | | | | ૩ | ૭ | | | |
| ૭ | ૪ | | | | | | | |
| ૧ | | | ૮ | ૯ | | | | |
| ૨ | ૯ | | | | | | ૩ | ૭ |
| | | | ૬ | | | ૯ | | ૫ |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૩ | ૧ | ૯ | ૨ |
| ૬ | ૭ | ૧ | ૯ | ૫ | ૮ | ૨ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૪ | ૨ | ૭ | ૩ | ૬ | ૮ | ૧ | ૫ |
| ૭ | ૩ | ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૯ | ૪ | ૨ | ૬ | ૭ | ૩ | ૮ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૫.૩.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ સાતમ, મૃગશીર્ષ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ** (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક** (ડ,હ) : આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ** (મ,ટ) : આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે,વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા** (ર,ત) : આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળમાં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક** (ન,ય ) : અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર** (ખ,જ) : આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ** (ગ,સ,શ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# ભાજપના કાર્યકરો વિકાસ કાર્યોનું રિપોર્ટ કાર્ડ લઈ જનતા વચ્ચે જશે: વિશ્વકર્મા

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણી માટે સજ્જ થતો ભાજપ: પ્રદેશ કારોબારીમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા



**અબતક, રાજકોટ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં પ્રદેશ કારોબારી બેઠક ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' કોબા ખાતે યોજાઈ ગઈ હતી.

વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે, ભાજપા સ્થાપના કાળથી પાર્ટીનું લક્ષ્ય એક એવા લોકશાહી રાજ્યની સ્થાપના કરવાનું છે. જેમાં જ્ઞાતિ, સંપ્રદાય અથવા લિંગના ભેદભાવ વિના તમામ નાગરિકોને રાજકીય, સામાજિક અને આર્થિક ન્યાય, સમાન તક તેમજ ધાર્મિક શ્રધ્ધા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા સુનિશ્ચિત થઈ શકે. સંગઠનએ ભાજપાનો આત્મા છે અને કાર્યકર્તા ભાજપાની શક્તિ છે. વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે યુવાન નીતિન નવીનજીને નેતૃત્વ સોપાયું છે, તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષથી લઈને સંગઠનમાં યુવાનોને તક આપવામાં આવી રહી છે. બૂથ સમિતિ, બૂથ સ્તર સુધીની સક્રિયતા જ ભાજપની અજેય શક્તિનું રહસ્ય છે. તેમજ સંગઠનની સાચી તાકાત બૂથ પર છે. વિશ્વકર્માએ ઉમેર્યું હતું કે,૨૦૨૨ માં ઐતિહાસિક ૧૫૬ બેઠકો અને આજે ૧૬૨ ધારાસભ્યો સાથે ભાજપ ગુજરાતમાં જનતાના આશીર્વાદથી ખુબજ મજબૂત સ્થિતિમાં છે. તમામ ૮ મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને અંદાજિત ૯૫% સ્થાનિક સ્વરાજ્યની બેઠકો પર આજે ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે. ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે તમામ કાર્યકર્તાઓએ સરકારના વિકાસ કાર્યોનું રિપોર્ટ કાર્ડ લઈને જનતા વચ્ચે જવાનું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે,વૈશ્વિક યુધ્ધની પરિસ્થિતિમાં ૭૫ હજારથી વધુ ભારતીયોને દેશમાં સહી સલામત પરત લાવવામાં આવ્યા છે તેમજ અરાજકતા ભરેલી વૈશ્વિક પરિસ્થિતિમાં દેશ અવિરત પણે આગળ વધી રહ્યો છે જે આપણા માટે ગૌરવની વાત છે. ભારતીય જનતા પાર્ટી એક શિસ્તબધ્ધ પાર્ટી છે. જેમાં કાર્યકર્તાઓના ઘડતર માટે અનેક પ્રક્રિયાઓ છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યને દેશમાં અને દેશને વિશ્વમાં અગ્રીમ હરોળમાં મૂકવાનું કામ કર્યું. તેઓએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જનહિતમાં કરેલા નિર્ણયોને જન જન સુધી પહોંચાડવા ઉપસ્થિત સૌને અપીલ કરી હતી. તેઓએ કહ્યું કે નજીકના સમયમાં ગુજરાત યુ.સી.સી. લાગું કરનાર દેશનું બીજું રાજ્ય બનશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ગત પરિણામ કરતા પણ રેકોર્ડ બ્રેક પરિણામો મળે તે માટે સામૂહિક સંકલ્પબધ્ધ થવા આહવાન કર્યુ હતું. સંગઠન મહામંત્રી રત્નાકરજીએ તેમના ઉદબોધનમાં સંગઠનાત્મક કાર્યક્રમ વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે ભાજપા લોકતાંત્રિક મૂલ્યો આધારિત પાર્ટી છે. સંગઠન શક્તિનો સકારાત્મક ઉપયોગ પર ભાર મુકતા કહ્યું હતું કે આગામી ૨૯ એપ્રિલે મંડલ સ્તરે ''મન કી બાત ટિફિન કે સાથ'' બેઠક યોજવામાં આવશે. જેમાં ભાજપા સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ૫ એપ્રિલના રોજ યોજાનાર ઘર ઘર મહાસંપર્ક અભિયાનની રૂપરેખા – આયોજન નિશ્ચિત કરવામાં આવશે. ૬ એપ્રિલ ભાજપા સ્થાપના દિનના રોજ યુવા મોરચાના કાર્યકર્તાઓ ભાજપા વરિષ્ઠ પદાધિકારીઓના નિવાસ પર ભાજપા ધ્વજ લગાવશે અને સાંજે ૩ થી ૬ દરમ્યાન સ્થાપના દિનની ઉજવણી જિલ્લા કાર્યાલય પર કરવામાં આવશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના અનુસંધાને ભાજપા પ્રદેશના વિવિધ મોરચા દ્વારા આયોજિત થનાર વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો વિશે તેઓએ વિસ્તૃત માહિતી આપી હતી.

### પ્રદેશ કારોબારીમાં વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલી અર્પણ

આ પ્રદેશ કારોબારીમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત ભાજપાના વરિષ્ઠ આગેવાનો, સમાજસેવકો, જન પ્રતિનિધિઓ તેમજ રાજ્યના હતભાગી નાગરિકોને શ્રદ્ધાંજલિ પાઠવી શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ ગૌતમભાઈ ગેડિયા દ્વારા રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી નીતિઓ બદલ અભિનંદન પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ અભિનંદન પ્રસ્તાવને હર્ષદગિરિ ગોસ્વામી, જશુભાઈ પટેલ અને શ્રીમતી કૈલાશબેન ગામીતે અનુમોદન આપ્યું હતું. આ ઉપરાંત પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ચૂંટણી સમિતિ અને શિસ્ત સમિતિની રચના માટે પ્રદેશ અધ્યક્ષને સત્તા આપવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને પ્રદેશ કારોબારીએ એકસૂર અનુમોદન આપ્યું હતું.

# જસદણ-વિંછીયા પંથકમાં આર્થિક વિકાસને વેગ મળશે: કુંવરજી બાવળીયા

## જસદણ તાલુકામાં રૂ.૫ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરતા કેબિનેટ મંત્રી



**અબતક, રાજકોટ**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે જસદણ તાલુકામાં રૂ.૫ કરોડથી વધુના ખર્ચે રોડ રીસર્ફેસિંગ, સી.સી. રોડ અને સુવિધા પથના વિવિધ વિકાસ કામનું ખાતમુહૂર્ત થયા હતા.

મંત્રીએ જસદણ - માધવીપુર- ઘેલા સોમનાથ રોડ રિસર્ફેસીંગ કામનું ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, જસદણ-વિંછીયા તાલુકાને જોડતા રોડના નવીનીકરણથી પરિવહન સુવિધામાં વધારો થશે. આ પંથકમાં મોટા પાયે ચાલતા વેપાર ઉદ્યોગ, કૃષિ તેમજ પ્રવાસન ક્ષેત્ર ગતિમાન બનતાં આર્થિક વિકાસને વેગ મળશે.

ગ્રામીણ ક્ષેત્રમાં પણ સી.સી. રોડ સહીત પાકા રોડની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર કામ કરી રહી હોવાનું જણાવી મંત્રીએ ચોમાસામાં અંતરિયાળ વિસ્તારમાં માર્ગ પરિવહન સરળ બની રહે તે સતત સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્ય અને પીવાના પાણીની સુવિધા પર્યાપ્ત મળી રહે તે માટે ચાલી રહેલી કામગીરીની માહિતી આપી દરેક લોકોને સમાન સુવિધાની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા મંત્રીએ આ તકે વ્યક્ત કરી હતી.


વધુમાં મંત્રીએ યુવાઓમાં રોજગારી વધે તે માટે શ્રમ અને કૌશલ્ય વિભાગ હસ્તકના આઈ.ટી.આઈ.માં ડ્રોન ટેક્નોલોજી, એ.આઈ. આધારિત સ્કિલ બેઝ કોર્સીસ ચલાવવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

મંત્રી કુંવરજીભાઈના હસ્તે માધવીપુર ખાતે રૂ.૪.૩૦ કરોડના ખર્ચે મુખ્ય રોડનું રિસર્ફેસીંગ કામગીરીનું ખાતમૂહુર્ત કર્યું હતું. જ્યારે કોઠી ગામ ખાતે રૂ.૧૬.૯૯

(અનુ. આઠમા પાને)

# ઝાયડસ ફેમિલી ક્લિનિક હવે ચાંદખેડામાં દર્દીઓને નિષ્ણાંત તબીબની સેવા મળશે

## ઓ.પી.ડી, ડે-કેર, વેકિસનેશન, ઈ.સી.જી. સહિતની સુવિધા ઉપલબ્ધ: સેમ્પલ કલેકશનની પણ વ્યવસ્થા




**અબતક, રાજકોટ**

ઝાયડસ હોસ્પિટલ્સ ઘણાં સમયથી આરોગ્ય ક્ષેત્રમાં વિશ્વાસ અને ઉત્તમ સારવારનું પ્રતિબિંબ બની રહી છે. સ્વપનદ્રષ્ટા પંકજભાઈ પટેલના નેતૃત્વ હેઠળ, ઝાયડસ ગ્રુપ ગુજરાતભરમાં અનેક મલ્ટી-સ્પેશિયાલિટી તથા કેન્સર હોસ્પિટલ સાથે વર્ષોથી અવિરતપણે દર્દીઓની સેવામાં કાર્યરત છે.

વિવિધ વિસ્તારોમાં ક્લિનિક્સ સ્થાપવાના નિશ્ચય સાથે, ઝાયડસે દર્દીઓને દરેક સ્તરે સાચું માર્ગદર્શન અને પારદર્શિતા મળી રહે તે હેતુ અને આ વારસાને સતત આગળ વધારતા, અમદાવાદનાં શેલા બાદ ચાંદખેડામાં ઝાયડસ ફેમિલી ક્લિનિકની શરૂઆત કરી છે. આ પહેલ હેઠળ ઝાયડસ ગ્રૂપનો ધ્યેય આગામી સમયમાં રાજ્યભરમાં બહુવિધ ફેમિલી ક્લિનિક્સ શરૂ કરવાનો છે.

અમદાવાદના સૌથી ઝડપથી વિકસતા રેસિડેન્શિયલ અને કમર્શિયલ કેન્દ્રોમાંનું એક, ચાંદખેડા, વિશાળ અને વૈવિધ્યસભર જન સમુદાય ધરાવે છે. ત્યાં રહેતાં લોકોની સુલભ અને અદ્યતન પ્રાથમિક આરોગ્યસંભાળની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ફેમિલી ક્લિનિકની શરૂઆત કરવામાં આવી.

આ ક્લિનિકમાં ૧૭ વર્ષનાં સમૃધ્ધ અનુભવ ધરાવતા ડો. બ્રિજેશ બારૈયા, એમ.ડી ફિઝિશિયન તેમજ અન્ય સ્પેશ્યલાઈઝ્ડ ડોકટર્સની કન્સલ્ટન્સીની (ઓપીડી) સાથે આધુનિક સુવિધાઓ જેવી કે ડે કેર, વેક્સિનેશન, ઈસીજી, એક્સ-રે, ડાયગ્નોસ્ટિક લેબનું ભરોસાપાત્ર પરીક્ષણ, ફાર્મસી તથા પીએફટી (ફેફસાંનો ટેસ્ટ) સેવાઓ પણ ઉપલબ્ધ છે. જ્યાં ટૂંક સમયમાં

(અનુ. આઠમા પાને)



# મકાન ખાલી કરી દેજો નહીંતર ઉપર પહોંચાડી દઈશ કહી બિટ્ટુ જાડેજાએ વૃદ્ધને ધમકાવ્યા

## મિલકતો પચાવી પાડવા રઘવાયા બનેલા ગોંડલના બિટ્ટુ જાડેજા આણી ટોળકી વિરૂદ્ધ ત્રીજો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના બિટ્ટુ જાડેજા વિરુદ્ધ સતત મિલ્કત પચાવી પાડવા ધમકીઓ આપ્યાનો ત્રીજો ગુનો નોંધાયો છે. અગાઉ બે વૃદ્ધોને તેમની દુકાન અને મકાન ખાલી કરી દેજો નહીંતર જાનથી મારી નાખીશ કહી ધમકાવનાર બિટ્ટુ જાડેજાએ વધુ એક વૃદ્ધને તેમનું મકાન ખાલી કરી કોર્ટ કેસ પાછો ખેંચી લેજો નહીંતર ઉપર પહોંચાડી દઈશ કહી ધમકી આપી હતી. જે અંગે વધુ એક ગુનો ગોંડલ સીટી પોલિસ મથકમાં નોંધાયો છે.

બનાવ અંગે ગોંડલના ભુવનેશ્વરી મંદિર નજીક રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધ યાહયાભાઈ ઓસમાણભાઈ નુરસુમારે નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે ભુર્ગરાજસિંહ ઉર્ફે બિટ્ટુભાઈ રઘુરાજસિંહ જાડેજા અને ઈમરાન જીકરભાઈ નૂરસુમારનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરિવારમાં હું તથા પત્ની જેનબબેન, પુત્ર એહમદ અને પુત્રી નાઝીયા જે જામનગર સાસરે છે. અમે ચાર ભાઈઓ છીએ અને અમારે બે બહેન છે. જેમાં સૌથી મોટો હું, બાદ સલીમભાઈ, જાવેદભાઈ, આસીફભાઈ, યાસ્મીનબેન જેના લગ્ન મુંબઈ ખાતે થયેલ છે અને સૌથી નાના બહેન તસ્લીમબેનના લગ્ન સુરત ખાતે થયેલ છે. હું ઘર ખાતે ફળીયામાં રોડ પર દરવાજો પડે તેં ત્યાં બેસી રબર સ્ટેમ્પ બનાવવાનું કામ કરૂ છું.

વૃદ્ધે જણાવ્યું હતું કે, અમે હાલ જયા રહીએ છીએ તેં ગોંડલ સીટી સર્વે નં. ૧૫૨૬/૨ ની મીલ્કત મારા દાદા હાજીહબીબભાઈ હાજીહાસમભાઈ નુરસુમાર નામની છે. મારા દાદાને ત્રણ દીકરામાં સૌથી મોટા બાપુ હાજી મહમદભાઈ, તેનાથી નાના બીજા નંબરે દાઉદભાઈ અને સૌથી નાના મારા પિતા ઓસમાણભાઈ હતા. મારા પિતાને ત્રણ બહેનો હતી. મારા દાદા અમો હાલમાં રહીએ છીએ તે સ્થળ ઉપર આશરે ૧૫૦૦ વારના પ્લોટ ઉપર જે તે સમયે જરુરીયાત મુજબના પ્લોટ ઉપર મકાન બાંધીને રહેતા હતા. બાદ મારા દાદા તા.૦૩/૦૩/૧૯૭૦ મરણ જતા મારા દાદાની મીલ્કતમાંથી મારા પિતાને ત્રણેયભાઈની સરખે હિસ્સે મીલ્કત વારસાઈ મુજબ ભાગમાં આવતી હોય જેથી જે તે સમયે મારા પિતા તથા તેમના બન્ને ભાઈઓએ મૌખીક રીતે સમજી પ્લોટના ત્રણ ભાઈઓએ ભાગ પાડેલ હતા. બાદ મારા બન્ને મોટાબાપુએ વર્ષ ૧૯૭૧માં તેના ભાગની મીલ્કત ચંદુલાલ ભગવાનજીભાઈ પટેલને વેચી નાખી હતી. બાદ મોટા બાપુ હાજીમહમદ એમ.પી.ના રતલામ ખાતે રહેવા જતા રહેલ હતા જયારે બીજા બાપુ દાઉદભાઈ કડીયા લાઈન, ગોંડલ ખાતે અલગથી રહેવા જતા રહેલ હતા. હાલ અમે જયા રહીએ છીએ તે મીલ્કત બાબતે ચારેક વર્ષ પહેલા બીટુભાઈ ઉર્ફે ભુર્ગરાજસિંહ રઘુરાજસિંહ જાડેજા (રહે. સ્ટેશન પ્લોટ, ગોંડલ) તથા ઈમરાનભાઈ જીકરભાઈ નૂરસુમાર (રહે. દેવપરા, ગોંડલ) મારી પાસે આવેલ અને મને કહેલ કે, તમે રહો છો તે મીલ્કત અમે ખરીદી લીધેલ છે, તમે મિલ્કત થોડા સમયમાં ખાલી કરી આપો. જેથી મેં કહેલ કે, મિલ્કત મારા પિતાજી પાસેથી વારસાઈમાં મળેલ છે. ત્યારે બંનેએ કહેલ કે, તમારા બન્ને મોટાબાપુના દીકરાઓએ આ મિલ્કત અમને વેચાણ કરી આપેલ છે અને દસ્તાવેજ પણ અમારા નામે કરી દીધેલ છે. જેથી મેં કહેલ કે, આ મિલ્કત અંગે ઘણા વર્ષથી ગોંડલ કોર્ટમાં સિવિલ કેશ ચાલુ છે, તો આ મિલ્કત તમેં કેમ ખરીદી શકો ? તેમ કહેતા બન્ને શખ્સોએ થોડા સમયમાં મકાન ખાલી કરી નાખવાનું કહી જતા રહેલ હતા.

બાદ બંને શખ્સો અવાર નવાર મને તથા મારા ભાઈઓને પણ મકાન ખાલી કરવા ધમકાવતા હતા. આશરે બે મહીના પહેલા બપોરના સમયે હું ઘરમાં સુતો હતો. ત્યારે મારા ઘરમાં બીટુભાઈ તથા ઈમરાન નુરસુમાર બન્ને આવેલ હતા અને ગાળો આપી કહેવા લાગેલ કે, છેલ્લા ચાર વર્ષથી કહીએ છીએ કે, મકાન ખાલી કરી નાખો તો કેમ કોઈ જવાબ આપતા નથી. બાદ બંને તમાથાકુટ કરવા લાગેલ હતા. મને બીટુભાઈએ કહેલ કે, તમને એક મહીનાનો સમય આપું છુ, જો એક મહીનામાં મકાન ખાલી નથી કર્યુ અને આ મિલ્કત ઉપરનો કેશ પાછો નહી ખેંચો તો હું ઉપર પહોચાડી દઈશ તેમ કહી મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

### અગાઉ પણ બે વૃદ્ધોને મિલકત ખાલી કરી નાખવા બિટ્ટુ જાડેજા આણી ટોળકીએ ધમકી આપી'તી

ગોંડલના બિટ્ટુ જાડેજા આણી ટોળકીએ અનેક લોકોની મિલ્કત પચાવી લેવા ધમકીઓ આપ્યાના બનાવ સામે આવી ચુક્યા છે. અગાઉ ગોંડલના મોવૈયા ગામે ગોવિંદનગર માસ્તર સોસાયટીના રહેવાસી અને હાલ રાજકોટ શહેરના આસ્થા સોસાયટીમાં કેશવ રેસીડેન્સી બ્લોક નં.-૮, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધ ખેડૂત વલ્લભભાઈ ગાંડુભાઈ સીદપરાને ડાયાભાઈ રાઘવભાઈ રાંક, ભાનુબેન ગિરધરભાઈ રાંક અને ગોંડલના ભર્ગરાજસિંહ ઉર્ફે બિટ્ટુ રઘુરાજસિંહ જાડેજાએ તેમની બે દુકાનો ખાલી કરી દેવા ખૂનની ધમકી આપી હતી જે અંગે ગઈકાલે ગુનો નોંધાયો હતો. જયારે ગોંડલમાં સ્ટેશન પ્લોટ નગરપાલિકા પાસે રહેતાં રાજેન્દ્રકુમાર જયાનંદભાઈ જોષી (ઉ.વ.૬૬)ને આયુષી રવીદર્શન વ્યાસ અને બીટ્ટુ જાડેજા ઉર્ફે ભાર્ગવરાજસિંહ રઘુરાજસિંહ જાડેજા (રહે. બંને ગોંડલ)એ તેઓ જે મકાનમાં ૧૯ વર્ષથી ભાડુઆત તરીકે રહે છે તેં મકાનના વારસદારો પાસે આયુષીબેન વ્યાસના નામે વેચાણ દસ્તાવેજ કરાવી તારે આ મકાન ખાલી કરી નાખવાનુ છે, નહિતર મારી નાખીશ તેમ ભય બતાવેલ હતો. બાદ દિવાળીના તહેવાર દરમ્યાન મકાનનુ વિજળીનું તેમજ નળનુ કનેકશન કપાવી નાંખી મકાનની ગટર, નળના પાઈપો તોડી નાખી નુકશાન કરેલ હતું. જે બનાવ અંગેની ફરીયાદ ચાર દિવસ પૂર્વે ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી.

# ગાંધીધામ: નિયમોનું ઉલ્લંઘન કરનાર ચાર ગનમેનો બંદુકો સાથે ઝડપાયા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કંડલા ખાતે દીનદયાલ પોર્ટ ટ્રસ્ટના ખાલી પ્લોટમાં તપાસ કરતા ચાર ગનમેન હાલ કંડલા ખાતે રહેતા વિનોદકુમાર રામલખન તિવારી, શીવકુમાર શીવપ્રસાદ પાલ, બ્રીજેશકુમાર રામરામરૂપસિંહ ઠાકોર અને હાકીમગીરી રાજનારાયણગીરી ગેરરીતે હથિયાર સાથે જોવા મળ્યા હતા. પૂછપરછ દરમિયાન ખુલ્યું કે તેઓ પાસે લાયસન્સ હોવા છતાં અત્રેના જિલ્લામાં સક્ષમ અધિકારી સમક્ષ નોંધણી (ટેકન ઓવર) કરાવી નહોતી અને ગેરકાયદેસર રીતે હથિયાર રાખી નોકરી કરી રહ્યા હતા.પોલીસે તેમની પાસેથી ૪ ડબલ બેરલ ૧૨ બોર ગન અને જીવતા કારતુસ મળી કુલ રૂ.૪૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# વિંછીયામાં દારૂ ભરેલી ઈકો કાર સાથે એમપીનો ખેપિયો ઝડપાયો

## ૧૩૯ બોટલ શરાબ સહિત રૂ.૧.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે : રિસીવરનું નામ ખોલાવવા તજવીજ



**અબતક, રાજકોટ**

વિંછીયા પોલીસ મથકના સ્ટાફે અહીં આંબલી ચોક પાસે શંકાસ્પદ ઈકો કાર અટકાવી તપાસ કરતા તેમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧૩૯ બોટલ દારૂ સાથે એમપીના શખસને ઝડપી લઈ કુલ રૂપિયા ૧.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં દારૂ અને જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ કરવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ જસદણ એએસપી નવીન ચક્રવર્તીના માર્ગદર્શન હેઠળ વિંછીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.સી. ડામોર તથા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, બોટાદ તરફથી વિંછીયા તરફ એક ઈકો ગાડી આવી રહી છે જેમાં દારૂ દારૂના જથ્થાની હેરફેર થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે રોડ બ્લોક કરી બોટાદ તરફથી વિંછીયા આંબલી ચોક બાજુ આવતી ઈકો કાર નંબર જીજે૩ એફ.કે ૧૦૬૯ અટકાવી હતી. પોલીસે આ કારમાં તપાસ કરતા અંદરથી રૂપિયા ૪૧,૩૦૦ ની કિંમતનો ૧૩૯ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના આ જથ્થા સાથે કારચાલક કમલ ધનસિંગભાઈ ભુરીયા (ઉ.વ. ૨૫ રહે બડી સરદ જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ) ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી દારૂનો આ જથ્થો અને કાર સહિત કુલ રૂપિયા ૧,૯૧,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી દારૂ ક્યાંથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવા આવ્યો હતો? તે અંગે તપાસ હાથ ધરી છે. આ કામગીરીમાં વિંછીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.સી. ડામોર, હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ગોહિલ, અશોકભાઈ સોસા અને કોન્સ્ટેબલ બળવંતભાઈ ડાભી સાથે રહ્યા હતા.

# પડધરીના સોની વેપારીને સાત કેરેટનું સોનુ ધાબડી ઠગ બે લાખ પડાવી ગયો

## ૨૨.૪૨૦ ગ્રામ સોનુ ૨૨ કેરેટનું હોવાનું જણાવી ઠગાઈ આચરી : લેબોરેટરી કરાવતા ભાંડો ફૂટ્યો: મોટા ખીજડીયાના શખ્સ સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

પડધરીના સોની વેપારી સાથે રૂ. ૨ લાખની છેતરપિંડી આચરી લેવાઈ હતી. મોટા ખીજડીયાના શખ્સેં મારે તાત્કાલિક બે લાખની જરૂરિયાત છે કહી ૨૨ ગ્રામ વજનની સોનાની બુટી ૨૨ કેરેટની શુદ્ધતાનું હોવાનું જણાવી નાણાં લઈ ગયો હતો. બાદમાં સોની વેપારીએ લેબોરેટરી કરાવતા સોનુ ફક્ત સાત કેરેટનું નીકળ્યું હતું. જે મામલે સોની વેપારીએ રૂ. ૨ લાખની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે પડધરીના પારસ સોસાયટીના રહેતા ૪૭ વર્ષીય સોની વેપારી ચેતનભાઈ ચંદ્રકાંતભાઈ પાલાએ આરોપી તરીકે ભરત રામજીભાઈ રાઠોડનું નામ આપતા જણાવ્યું હતું કે, હું પડધરી મેઈન રોડ પર ચેતન જવેલર્સ નામની સોના ચાંદીનો શોરૂમ ધરાવું છું. ગઈ તા ૨૨/૧૧/૨૦૨૫ ના હુ રાજકોટ ખાતે હતો. ત્યારે મારા મોબાઈલ નંબર પર ફોન આવેલ અને સામાવાળાએ મને જણાવેલ કે, હુ તમારો જૂનો ગ્રાહક ભરતભાઈ રામજીભાઈ રાઠોડ બોલુ છુ, અને મારે પોખાની (બુટીની જોડી) વેચવી છે. જેથી મે જણાવેલ કે હુ રાજકોટ હોય મારે મોડુ થશે. ત્યારે સામાવાળાએ જણાવેલ કે, હુ તમારો જુનો ગ્રાહક છુ, તમારી રાહ જોઉં છુ. બાદ હુ રાજકોટથી રાત્રીના આશરે સાડા દસ વાગ્યે પડધરી મારી ચેતન જવેલર્સ શોરૂમ ખાતે આવેલ હતો. જયા એક શખ્સ અગાઉથી હાજર હતો જેણે પોતાનું નામ ભરતભાઈ રામજીભાઈ રાઠોડ (ગોલતર) રહે. મોટા ખીજડીયા તરીકે જણાવ્યું હતું. તેણે મને કહેલ કે, મારે સોનાની પોખાની (બુટી જોડી) વેચવી છે. જેથી મેં બુટીની જોડીનો વજન કરતા ૨૨.૪૨૦ ગ્રામ થયેલ હતો. તેના ઉપર ૨૨ કેરેટનુ ૯૧૬નુ હોલમાર્ક હતુ. ભરતભાઈ પાસે દાગીનો પોખાની (બુટીજોડી) નુ બીલ માંગતા મને તેમની પાસે હાલ બીલ ન હોવાનુ જણાવેલ હતું. મે દાગીનો ચેક કરતા મને શંકાસ્પદ જણાતા મે તેને ઓગાળીને ચેક કરવો પડશે તેમ જણાવ્યુ હતું. જેથી ભરતભાઈએ મને કહેલ કે, મારે તાત્કાલીક બે લાખ રૂપીયાની જરૂર હોય મારૂ કામ રોળવી આપો તેમ વિનંતી કરતા મને વિશ્વાસુ ગ્રાહક લાગતા મે તેમને જણાવેલ કે, તમારા સોનાના દાગીનાનો હુ હાલ ૧૮ કેરેટ નો ભાવ આપુ છુ અને આવતી કાલે તમારા સોનાના દાગીનાની લેબોરેટરી કરાવી જો ૨૨ કેરેટ હશે તો ઉપરના પૈસા તમને આપીશ અને ૧૮ કેરેટ કરતા ઓછુ હશે તો તમારે મને પરત પૈસા આપવાના થશે તેમ જણાવ્યું હતું. બાદ ભરતભાઈ રાઠોડને મારા શોરૂમના લેટર પેડ ઉપર લખાણ કરી રૂ. ૧ લાખ રોકડા અને રૂ. ૯૯,૯૯૯ ઓનલાઈન ટ્રાન્સફર કરેલ હતા. બાદ તેઓ ત્યાથી નીકળી ગયેલ હતા. સોની વેપારીએ જણાવ્યું હતું કે, તેં રાત્રે જ મેં ભરતભાઈ રાઠોડને ફોન કરી તમારો દાગીનો હું ઓગાળુ છુ તેમ જાણ કરી હતી. બીજા દીવસે સોનાની લેબોરેટરી રાજકોટ જુગલ ટચ લેબ ખાતે કરાવતા સોનુ ૭.૭૬૩ કેરેટનુ નીકળતા મે ભરતભાઈને ફોન કરી આ બાબતે જાણ કરી હતી. ત્યારે ભરતભાઈએ હુ કાલે તમારા શોરૂમ પર આવી હીસાબ કરી જાવ તેમ વાત કરેલ હતી. બીજા દીવસે તેઓ મારી દુકાને આવેલ નહી અને મારો ફોન પણ ઉપાડવાનો બંધ કરી દીધેલ હતો. જેથી મે પડધરી પોલીસ સ્ટેશન ખાતે અરજી કરતા ભરતભાઈ પોલિસ સ્ટેશન ખાતે આવેલ અને મને જણાવેલ કે, હુ તમારા પૈસા પરત કરી આપીશ, મને છ મહીનાનો સમય આપો. જેથી મેં ફરિયાદ કરી ન હતી અને ભરતભાઈ રાઠોડને મારા પૈસા પરત આપોવા બાબતે લખાણ કરવા જણાવ્યું હતુ પણ તેમણે મને લખાણની ના પાડેલ હતી. જેથી અંતે સોની વેપારીએ ભરત રાઠોડ વિરુદ્ધ પડધરી પોલિસ મથકે રૂ. ૨ લાખની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવતા પોલિસેં કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

# હિંમતનગર નગરપાલિકાના બોર પરથી કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગર નગરપાલિકાના બે બોર પરથી કેબલ ચોરીના કેસમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી હતી એક સપ્તાહ અગાઉ થયેલી આ ચોરીમાં રૂ.૧૦ હજારથી વધુ કિંમતના કેબલ વાયરની ઉઠાંતરી થઈ હતી હિંમતનગર એ-ડિવિઝન પોલીસે મોતીપુરા વિસ્તારમાંથી આ બંનેને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

નગરપાલિકાના દેવભૂમિ બંગ્લોઝ પાસેના બોર પરથી આશરે રૂ.૧૦,૩૮૪ ની કિંમતના ૧૪ મીટર કેબલની નવી સિવિલ સામે આવેલી અશ્વમેઘ સોસાયટી સ્થિત પાલિકાના બોર પરથી પણ આશરે રૂ.૫,૪૦૦ ની કિંમતના ૩૬ મીટર કેબલની ચોરી થઈ હતી મહેન્દ્રસિંહ રાજપૂતે રવિવારે અજાણ્યા શખ્સો વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કેબલ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ દરમિયાન હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી રિક્ષામાંથી મહેશ જીવણ પટણી અને વિક્રમ ઈશ્વરને ઝડપી પાડ્યા હતા તેમની પાસેથી ૬ કિલોથી વધુ વજનનો આશરે રૂ.૭,૨૦૦ નો તાંબાનો કેબલ જથ્થો મળી આવ્યો હતો પોલીસે કેબલ અને રૂ.૧ લાખની રિક્ષા સહિત કુલ રૂ.૧,૦૭,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.



બેલડીની ધરપકડ કરી પોલીસે રૂ.૧.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# વાસાવડ ગામે બાઈક પરથી નીચે પટકાતા મહિલાનું મોત

## જમાઈના બાઈક પર જતી વેળાએ નડ્યો અકસ્માત, પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ ત્રણેય સંતાનોએ માતાની મમતા ગુમાવી

**અબતક, રાજકોટ**

ગોંડલના વાસાવડ ગામ પાસે બાઈક પરથી પટકાઈ જતાં સાકરોડા ગામના ૩૭ વર્ષીય મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મગફળીનું બાચકું લઈને જતા મહિલાને અકસ્માત નડતા તેમના ત્રણ માસૂમ સંતાનોએ પિતા બાદ હવે માતાની મમતા પણ ગુમાવી છે, જેને પગલે પરિવારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની વિગત મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ભેંસાણના સાકરોડા ગામે ખેત મજૂરી કરતા બયાબાઈ ઉર્ફે ગુડીબેન ભલુભાઈ ડાવર (ઉં.વ. ૩૭) ગત ૨૦ માર્ચના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાના કૌટુંબિક જમાઈ સુનિલ સાથે બાઈક પર માયાપાદર જઈ રહ્યા હતા.

આ દરમિયાન વાસાવડ ગામ પાસે બાઈકને સામાન્ય રોદો (ઝટકો) આવતા પાછળ મગફળીનું પોટલું લઈને બેઠેલા ગુડીબેન સંતુલન ગુમાવી નીચે પટકાયા હતા. ગંભીર રીતે પટકાયેલા ગુડીબેનને ચહેરા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ગોંડલ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ આજે તેમનું મોત નીપજ્યું હતું.પરિવારના જણાવ્યા અનુસાર, ગુડીબેનના પતિનું અગાઉ મૃત્યુ થઈ ચૂક્યું છે.મૃતકને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે.સીઝન પૂરી થતા તેઓ સાકરોડાથી હિસાબ પતાવીને ગોંડલના માયાપાદર ગામે જેઠના દીકરાની વાડીએ મજૂરી કામ માટે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ હવે માતાનું પણ મોત થતા ત્રણેય સંતાનો નોંધારા બની ગયા છે. આ ઘટનાથી મજૂર પરિવાર સહિત પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# મુંદ્રા અને પ્રાગપર ગામેથી ખનીજચોરી ઝડપાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છની ફ્લાઈંગ સ્કવોર્ડ તપાસ ટીમ દ્વારા પત્રી- ગુંદાલા રોડ ખાતે આકસ્મિક તપાસ હાથ ધરતા બ્લેકટ્રેપ ખનીજનું રોયલ્ટી પાસ વગર ગેરકાયદે વહન કરતાં ત્રણ ડમ્પર પકડી તપાસ ટીમ દ્વારા કુલ ૬૫ લાખના મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. જ્યારે બોરાણા સિમ વિસ્તાર ખાતે આકસ્મિક તપાસ હાથ ધરતા સાદિરેતી ખનીજનું ખનન કરતા લોડર મશીન તથા ડમ્પર પકડી કુલ ૩૫ લાખના મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલો છે. તમામ વાહનોને સિઝ કરી મુન્દ્રા અને પ્રાગપર પોલિસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં સોંપવામાં આવેલા છે. જેની આગળની કાયદેસરની કાર્યવાહી હવે પછી હાથ ધરવામાં આવશે.

# રીબડા નજીકથી શ્રમિક પરિવારનો ૧૪ વર્ષીય પુત્ર ભેદી રીતે ગુમ

## સીસીટીવીના હાઈવે પર જોવા મળ્યો, ગલ્લામાંથી રોકડ પણ લઈ ગયો: તપાસનો દોર

**અબતક, રાજકોટ**

રીબડા ગામે આવેલી કંપનીમાં કામ કરનાર મૂળ બિહારના દરભંગા જિલ્લાના વતની શ્રમિક પરિવારનો ૧૪ વર્ષનો પુત્ર રવિવાર બપોર બાદ ઘરેથી લાપતા બન્યો હતો. પરિવારજનો તેની શોધખોળ કરી હતી પરંતુ તેનો કોઈ પતો ન લાગતા અંતે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં આ બાબતે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, મૂળ બિહારના દરભંગા જિલ્લાના કાકરાઘાટી ગામના વતની શંભુભાઈ કેલુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૧) દ્વારા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રીબડા ગામે સોપાન ઈન્ડસ્ટ્રી ઝોન-૨ માં આવેલી રાજકોટ એવરવીન હાર્ડવેર એલએલપી કારખાનામાં કામ કરે છે અને કારખાનાની ઓરડીમાં પરિવાર સાથે છેલ્લા બે વર્ષથી રહે છે. યુવાનને સંતાનમાં પાંચ પુત્ર છે.

ગઈ તા. ૨૨/૩ ના તે તથા તેમના પત્ની બિંદુદેવી અને મોટો પુત્ર સૂર્યા સવારના આઠેક વાગ્યે કારખાને કામ પર ગયા હતા. બાદમાં બપોરે જમવા આવ્યા હતા બાદમાં ફરી કામ પર ગયા બાદ સાંજે ઘરે પરત ફરતા પુત્ર જગરનાથ (ઉ.વ.૧૪) ઘરે જોવા મળ્યો ન હતો. આ બાબતે અન્ય પુત્ર કાંતાકુમારને પૂછતા તેણે કહ્યું હતું કે, સાંજના સાડા સાત એક વાગ્યે રમતા રમતા તે ક્યાંક જતો રહ્યો છે. બાદમાં પરિવારે પુત્રની શોધખોળ કરી હતી પરંતુ તેનો કોઈ પત્તો ન લાગતા અંતે પોલીસને જાણ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, અહીં આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવતા સગીર પોતાની રીતે હાઈવે સુધી જતો નજરે પડ્યો હતો. પરંતુ ત્યારબાદ અંધારૂ થઈ જવાના લીધે તે ત્યાંથી ક્યાં ગયો તે ફૂટેજમાં નજરે પડ્યું ન હતું. વધુમાં સગીરના પરિવારજનોએ જણાવ્યું હતું કે ગલ્લામાં રાખેલી રોકડ રકમ લઈ તે અંગે નીકળ્યો છે સંભવિત ભાઈ સાથે ઝઘડો થયા બાદ લાગી આવતા તે વતન તરફ ગયો હોવાની શંકાસેવાઈ રહી છે. હાલ આ અંગે પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે. આ અંગે વધુ તપાસ પીએસઆઈ આર.આર.સોલંકી ચલાવી રહ્યા છે.



# લોધિકાના કાંગશિયાળી ગામે પરિણિતાનો ગૃહકલેશથી આપઘાત

## ઝેરી દવા પી લેતા કુળવધુએ ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના કાંગશિયાળી ગામની સીમમાં આવેલ રાધિકા હાઈટ્સમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતાએ ગૃહ કલેશથી કંટાળી ઝેરી દવા પી લેતા તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ બનાવથી પટેલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. માસૂમ બાળકીએ માતાની છત્રછાયા ગુમાવી છે.મળતી માહિતી મુજબ, કાંગશિયાળી ગામની સીમમાં રાધિકા હાઈટ્સ, બ્લોક નં. અ-૧૦૧ માં રહેતા નેહલબેન હેપ્પીભાઈ મેનપરા (ઉં.વ. ૨૭) એ ગત તારીખ ૯ માર્ચના રોજ પોતાના ઘરે ચાલી રહેલા ગૃહ કલેશથી કંટાળી જઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરની અસર થતા જ નેહલબેનને તાત્કાલિક પ્રથમ ગિરિરાજ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિનર્જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર હાલત હોવાને કારણે સારવાર કારગત નીવડી ન હતી અને તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક નેહલબેનના પતિ હેપ્પીભાઈ બાંધકામના સામાનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. નેહલબેનને સંતાનમાં એક નાની દીકરી છે. માતાના અકાળે મોતથી માસૂમ દીકરી નોંધારી બની ગઈ છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ ૯ વર્ષના અયાન ખાને રમજાનના 30 રોજા રાખી કરી ઈબાદત



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સમગ્ર વિશ્વમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રમજાન માસના રોજા રાખી, અલ્લાહની ઈબાદત કરી હતી, જૂનાગઢમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને સિદ્ધેશ્વર ટ્યુશન ક્લાસીસના દ્રષ્ટિબેન જોષીના સ્ટુડન્ટ અયાન મહમદ શબીર ખાન બેલીમ એ પૂરા રમજાન માસ દરમિયાન રોજા રાખી, વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણ માટે ઈબાદત કરેલ હતી, આ બંને બાળ રોજાદારોની અલ્લાહ પ્રત્યેની શ્રદ્ધા અને રાષ્ટ્રપ્રેમ જોઈ, સિદ્ધેશ્વર ટ્યુશન ક્લાસીસના દ્રષ્ટિ મેડમ, દર્શન સર, નેશનલ પ્રાઈમરી સ્કૂલના સંચાલક, આચાર્ય, શૈક્ષિણક સ્ટાફે આ બાળ રોજાદારને શુભકામના પાઠવી હતી.

# મોરબીમાં યુવાનોની બેઠકમાં સમસ્યા પર મંથક: સામાજીક સંકલ્પ લેવાયા

## સમન્વય પ્રતિષ્ઠાન અને યંગ ઈન્ડિયા ગ્રુપનું સંયુકત આયોજન, ૧૦૦ યુવાનો જોડાયા



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

સમન્વય પ્રતિષ્ઠાન અને યંગ ઈન્ડિયા ગ્રુપ-મોરબીના સંયુકત ઉપક્રમે તથા ઈન્ડિયા ફાઉન્ડેશનની પ્રેરણાથી મોરબીના સ્કાય મોલ ખાતે ૧તસૌરાષ્ટ્ર યંગ થિંકર્સ મીટ યોજાઈ ગઈ. આ કાર્યક્રમની મુખ્ય થીમ 'રિસ્પોન્સિબલ યુથ ફોર યશસ્વી સૌરાષ્ટ્ર' રાખવામાં આવી હતી, જેમાં ૧૦૦ થી વધુ પસંદગી પામેલા સૌરાષ્ટ્રના યુવા ડેલિગેટ્સે ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી, જેનું સંચાલન જાડેજા સત્યરાજસિંહે કર્યું હતું. આ પ્રસંગે ડો. જીગર ઈનામદાર, ડો. દેવેન રબારી, ધારાસભ્ય દુર્લભજી ભાઈ દેથરિયા, અગ્રણી ઉધોગપતિ નિલેશભાઈ જેતપરિયા અને દિલીપભાઈ બરાસરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોના વકતવ્યમાં ડો. દેવેન રબારીએ યશસ્વી ભારત માટે વિચારશીલ અને જવાબદાર યુવાનોના ઘડતરની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.તેમણે જણાવ્યું હતું કે આજના સમયમાં માત્ર શિક્ષિત અને કુશળ યુવાનો પૂરતા નથી, પરંતુ એવા યુવાનોની જરૂર છે જે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે કર્તવ્યભાવ ધરાવે, સકારાત્મક વિચારો સાથે કાર્ય કરે અને નેતૃત્વસ્વીકારવાની હિંમત રાખે.. ધારાસભ્ય દુર્લભજી ભાઈ દેથરિયાએ 'યુવા ધન' ની તાકાત વર્ણવીને યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. ડો. જીગર ઈનામદારે યુવાનોને 'વિચારક' તરીકેની ઓળખ આપીને, વિચારોના બીજ વાવીને તેને યોગ્ય દિશામાં લઈ જવા અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પ્રથમ સેશનમાં જાણીતા વક્તા અર્જુન દવેએ ભગવદ્ ગીતાના માધ્યમથી જવાબદાર નાગરિક કેવી રીતે બનવું તે વિષય પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. બીજા સેશનમાં ઉદ્યોગપતિ નિલેશભાઈ જેતપરિયાએ ફેમિલી બિઝનેસ વિશે વાત કરી હતી. તેમણે મોરબીના સિરામિક ઉદ્યોગનું ઉદાહરણ આપીને સામૂહિક વિકાસ, નેટવર્કિંગ અને નવી ટેકનોલોજી અપનાવી જોખમ ખેડવાની તૈયારી વિશે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપ્યું હતું. આ મીટમાં ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ યુવાનોને લીડરશીપનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું અને એક સફળ નેતા તરીકે કેવી રીતે સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી શકાય તેની પ્રેરણાદાયક વાતો યુવાનો સાથે શેર કરી હતી.

કાર્યક્રમનું વિશેષ આકર્ષણ 'યુથ એસેમ્બલી' રહ્યું હતું, જેનું સંચાલન આદિલ બેલીમ અને મૃગાંક ત્રિપાઠીએ કર્યું હતું. જેમાં પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા સ્પીકર તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન સત્રમાં પૂર્વ રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજાએ ડો. એ.પી.જે. અબ્દુલ કલામના વિચારોને ટાંકીને યુવાનોને એકાગ્રતા, મહત્વાકાંક્ષા, પ્રમાણિકતા અને દઢ નિષ્ઠા કેળવવા અનુરોધ કર્યો હતો. તેમણે યુવાનોને 'નિરોગી, સહયોગી અને ઉપયોગી' બનવાનો મંત્ર આપ્યો હતો. કાર્યક્રમના અંતે આદિલ બેલીમે તમામ વક્તાઓ, આયોજકો અને યુવાનોનો આભાર માન્યો હતો. દિલીપભાઈ બરાસરાના પ્રેરક વક્તવ્ય અને તમામ ડેલિગેટ્સને સર્ટિફિકેટ વિતરણ બાદ રાષ્ટ્રગીત સાથે આ ફર્સ્ટ સૌરાષ્ટ્ર યંગ થિંકર્સ મીટનું ભવ્ય સમાપન થયું હતું.

# વાંકાનેરમાં ઘરેથી નીકળી ગયેલા કિશોરનું 'શી ટીમ' દ્વારા પરિવાર સાથે કરાવાયું મિલન

## વાંકાનેર તાલુકા પોલીસની 'શી ટીમ'ની કામગીરીની સરાહના



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કાર્યરત વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનની 'શી ટીમે' સરાહનીય કામગીરી કરી છે. તા. ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ વાંકાનેર બાઉન્ડ્રી નજીક મળેલા એક સગીર કિશોરને ચોટીલા પોલીસની પીસીઆર વાન દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. ત્યારે 'શી ટીમ' પોલીસ દ્વારા કિશોરનું કાઉન્સેલિંગ કરી પૂછપરછ કરતાં તે દેવેન્દ્ર ફતેહલાલ ગામેતી ઉ.વ.૦૮ રહે.ભાટ તા.ધોધુંદા જિ. ઉદયપુરવાળો હોવાનું સામે આવ્યું હતું, જે પોતાના માસી-માસા સાથે રહેતો હતો અને કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયો હતો. 'શી ટીમે' તાત્કાલિક તેના પરિવારજનોનો સંપર્ક કરી તેમને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી કિશોરને સલામત રીતે સોંપ્યો હતો. આ સાથે પરિવારને બાળકની યોગ્ય દેખભાળ રાખવા અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સૂચના આપવામાં આવી હતી.

# વાંકાનેરના દીઘલીયામાં ભત્રીજાના વિવાદમાં સમજાવવા ગયેલા કાકા પર હુમલો

## બાઈક અડવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના દીઘલીયા ગામે ભત્રીજા સાથે થયેલા સામાન્ય વિવાદ મામલે સમજાવવા ગયેલા કાકા ઉપર શખ્સે છરી વડે હુમલો કર્યા છે.

વાંકાનેર તાલુકાના દીઘલીયા ગામે મોટરસાયકલ અડવા જેવી સામાન્ય બાબતે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં દીઘલીયા ગામના રહેવાસી રૂકમુદિનભાઈ હુસેનભાઈ શેરસીયા ભત્રીજા તોહીદ અને આરોપી તનવીર ગફારભાઈ ખલીફા રહે.દીઘલીયા વચ્ચે બોલાચાલી થયા બાદ રૂકમુદિનભાઈ આરોપી તનવીરને સમજાવવા ગયા હતા. આ દરમિયાન આરોપી તનવીરે ઉશ્કેરાઈ જઈ ગાળો આપી પોતાની પાસે રહેલી છરી વડે રૂકમુદિનભાઈના હુમલો કર્યો હતો. ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે ઈજાગ્રસ્તને પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે પીડિતની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# માળીયા(મી)માં પાવરગ્રીડ લાઈનમાં એલ્યુમિનિયમ વાયર ચોરીનો પર્દાફાશ, બે આરોપી ઝડપાયા



**અબતક, ઋષીમહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ પાવરગ્રીડ લાઈનમાંથી એલ્યુમિનિયમ વાયર ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓને ઝડપ્યા છે. સર્વેલન્સ સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે અંજિયાસર ગામ નજીક વાહન ચેકિંગ દરમિયાન ઈન્ટ્રા પીકઅપ રજી.નં. જીજે-૧૨-સીટી-૧૪૦૮ વાહનમાં વાયર ભરેલ શંકાસ્પદ હાલતમાં બે આરોપી અનીસભાઈ સલેમામદભાઈ મોખા રહે. ભુતેશ્વર ફળીયું તા.જી.ભુજ અને મુસ્તાકભાઈ હાજીભાઈ મેર રહે.લોરીયા ગામ તા.જી.ભુજ વાળાને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન બંનેએ વાયર ચોરીનો ગુનો કબૂલ કર્યો હતો. આ સાથે પોલીસે તેમના પાસેથી આશરે ૪૫૦૦ મીટર વાયર તેમજ પીકઅપ વાહન મળી કુલ રૂ. ૧૭.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# વાંકાનેરમાં બહેનના ઘરે જવા મુદ્દે પરિણીતાને પતિ અને સાસુ-સસરાએ માર માર્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરના નવાપરા વિસ્તારમાં બહેનના ઘરે મળવા ગયેલ પરિણીતાને પતિ, સાસુ અને સસરાએ બોલાચાલી બાદ બેફામ માર માર્યો હતો. આ સાથે પીડિતાએ પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, વાંકાનેરના નવાપરા શેરી નં.૨માં રહેતા નિશાબેન બેચરભાઈ હરેશભાઈ દેત્રોજા વાંકાનેર સીટી પોલીસમાં આરોપી તરીકે પોતાના પતિ બેચરભાઈ દેત્રોજા, સાસુ પ્રભાબેન દેત્રોજા અને સસરા હરેશભાઈ દેત્રોજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, તા.૨૨/૦૩ના રોજ સાંજે તે પોતાની બહેન ભાવનાબેનના ઘરે જઈ પરત ફરી ત્યારે તેના પતિએ બહેનના ઘરે જવા મામલે ઉશ્કેરાઈ બોલાચાલી કરી હતી.

બાદમાં પતિએ માર માર્યો હતો તે દરમિયાન થતા પડોશીએ વચ્ચે પડી નિશાબેનને વધુ મારથી બચાવ્યા હતા. જે બાદ નિશાબેનને પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલમાં અને બાદમાં વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં લાવ્યા હતા.

# વાંકાનેરમાં અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલક ગંભીર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરના વધાસીયા ટોલનાકા નજીક અજાણ્યા ફોરવ્હીલ વાહને બાઈકને પાછળથી ટક્કર મારતા યુવકને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

વાંકાનેરના વધાસીયા ટોલનાકા નજીક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે, જેમાં વાંકાનેર અમરનાથ સોસાયટીમાં રહેતા નરેન્દ્રસિંહ અનિરુદ્ધસિંહ ઝાલા ઉ.વ.૩૪ ગત તા.૧૫/૦૩ના રોજ પોતાના મોટર સાયકલ રજી.નં. જીજે-૧૩-બીએફ-૦૭૫૭ લઈને નવા ઢુંવાથી વાંકાનેર પરત જઈ રહ્યા હતા તે દરમિયાન વધાસીયા ટોલનાકા નજીક ઈંટો ના ભઠ્ઠા સામે અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં નરેન્દ્રસિંહ ઝાલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

હાલ ઈજાગ્રસ્ત નરેન્દ્રસિંહના નાનાભાઈ રાજદીપસિંહની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# સુરેન્દ્રનગર: થાનના સોનગઢમાં દિપડાના આંટાફેરાથી ગ્રામજનોમાં ભય

## ૨૦ દિવસમાં ૮ પશુનું મારણ કરનાર દિપડાને પાંજરે પૂરવા કવાયત



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાનગઢ તાલુકાના સોનગઢ ગામમાં છેલ્લા ઘણા સમયથી દીપડાએ ભારે તરખાટ મચાવ્યો છે જેના કારણે સ્થાનિક ગ્રામજનો અને માલધારીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જે અંગે મળતી માહિતી મુજબ છેલ્લા ૨૦ દિવસથી સોનગઢ ગામની સીમમાં દીપડાના આંટાફેરા વધી ગયા હોવાનું સ્થાનિક ગ્રામજનો જણાવી રહ્યાં છે અને છેલ્લા ૨૦ દિવસમાં દીપડાએ છેલ્લા ૮ થી વધુ પશુઓનો શિકાર કર્યો છે.

ગામમાં દીપડો દેખાયા હોવાના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થતા ભયના માહોલમાં વધારો થયો છે. જ્યારે આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈને ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરતા વન વિભાગના અધિકારીઓએ તાત્કાલિક સ્થળની મુલાકાત લીધી હતી અને દીપડાને પકડવા માટે પાંજરું મૂકવાની તજવીજ હાથ ધરી છે.

# લોધિકા: ભાજપ મીડિયા સેલમાં નિમણુંક

**અબતક, બી.એમ. ગોસાઇ, મેટોડા**

લોધિકાના પ્રેસ રિપોર્ટ સલીમભાઈ વલોરા તેમજ સુરેશભાઈ ચૌહાણની તાલુકા ભાજપ પ્રેસ મિડિયા કન્વિનર સહ કન્વીનર તરીકે નિમણૂંક કરાઈ છે. બંને તાલુકા પ્રેસ રીપોર્ટ બી.એમ.ગોસાઈએ આવકારી છે.





# ચોટીલા: આસુન્દ્રવાળી ગામે ખનીજ માફીયા સામે કાર્યવાહી, ઉપસરપંચને પદ પરથી દૂર કરવા હુકમ

## રૂ.૧૧ લાખનો મુદામાલ કબ્જે, નાયબ કલેકટરનો સપાટો

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલાના નાયબ કલેકટરે ખનીજ ચોરો સામે કાર્યવાહી કરી સપાટો બોલાવ્યો છે. મુળી તાલુકાના આસુન્દ્રાળી ગામે ખનીજ ચોરી કરતા ઉપસરપંચની પણ ખનીજ ચોરીમાં સંડોવણી બહાર આવતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે.



નાયબ કલેકટર ચોટીલા એચ.ટી.મકવાણા નાઓએ ગત તારીખ : ૦૮/૦૮/૨૦૨૫ ના રોજ ચોટીલા સબ ડીવીઝન હેઠળના મુળી તાલુકાના આસુન્દ્રાળી ગામના સરકારી સર્વે નંબર ૨૪૬ તથા ખાનગી માલિકીના સર્વે નંબર ૨૪૯ વાળી જમીનમાં આકસ્મિક રેડ કરી હતી.

સ્થળ ઉપરથી ૧ ટ્રેકટર, ૨ કમ્પ્રેસર, ૪૦ મેટ્રીક ટન કાર્બોસેલ (કોલસો) તથા ૪ ચરખી મળી કુલ રૂ. ૧૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા અગીયાર લાખ પુરા) નો ગેરકાયદેસર મુદ્દા માલ જપ્ત કરવામાં આવેલ જે ગેરકાયદેસર ખનિજ ચોરી ભવાનીગઢ ગામના ઉપસરપંચ રતાભાઈ વિરાભાઈ જોગરાણા દ્વારા કરવામાં આવતુ હોવાનુ ધ્યાને આવતા નાયબ કલેકટર ઉપસરપંચ ને પદ પરથી દૂર કરવાની કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરેનદ્રનગરને દરખાસ્ત કરતા જિલ્લા વિકાસ અધિકારી એ ગત તારીખ : ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ભવાનીગઢ ગામના ઉપસરપંચ રતાભાઈ વિરાભાઈ જોગરાણા ને ઉપસરપંચ પદ ઉપરથી દુર કરવા હુકમ કર્યો છે.

## સોમનાથ સાથે ભગવાન રામનો અનેરા નાતા

# સોમનાથમાં રામ જન્મોત્સવને ઉજવવા અનેરો થનગનાટ

**અબતક, જયેશ પરમાર, અબતક**

ચૈત્ર સુદ નોમ ભગવાન રામના પ્રાગટ્ય ઉત્સવને ઉજવવા સોમનાથ-પ્રભાસપાટણમાં અનેરો થનગનાટ છે.

સોમનાથ ટ્રસ્ટના સુપ્રસિધ્ધ નવતનિર્મિત રામ મંદિર ખાતે રામનવમીએ યજ્ઞ, સુંદરકાંડ, અન્નકુટ, સાયંશણગા અને બપોરે મધ્યાન્હે શ્રી રામ પ્રાગટ્ય ઉત્સવ ભકિત ધામધૂમથી ઉજવાય છે. આ અંગેનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે.

પ્રભાસ-પાટણ તાલુકા શાળા પાસે આવેલ રામમંદિરે રમાનવમીએ રામજન્મોત્સવ અને દિવ્ય આરતી યોજાશે.

વેરાવળ ખાતે ભવ્ય દિવ્ય રામમંદિર ખાતમુહુર્ત સવંત ૨૦૩૩ અષાઢ સુદ તેરસને બુધવારના તા. ૨૯.૬.૭૭ના રાજે ડોંગરેજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતુ. જે સ્થળે પર સુંદરકાંડ, દર્શન અને શ્રી રામ પ્રાગટ્ય મહોત્સવ અને ધર્મ શોભાયાત્રા યોજાય છે.



પ્રભાસપાટણમાં ભગવાન રામ પિતૃ શ્રાધ્ધ કરવા આવ્યાતા તેવી માન્યતા છે. આ ઉપરાંત પ્રભાસમાં રામના નામનો ઉલ્લેખ સાથેનો રામ રાખ ચોક છે.

અયોધ્યા ખાતે બનેલ નૂતન

### પ્રભાસમાં બિરાજમાન રામમંદિરો સાથે જોડાયેલી અલૌકિક

રામમંદિરનો સંકલ્પ અને રથયાત્રા ૧૯૯૦માં સોમનાથથી નીકળી હતી.

સોમનાથ મંદિરના આર્કીટેકટ યજ્ઞશ્રી પ્રભાશંકર સોમપુરા હતા અને તેના જ વંશજ અયોધ્યા રામમંદિરના આર્કીટેકટથી રામમંદિર નિર્માણ પામ્યું છે. અયોધ્યાના રામમંદિર નિર્માણ સમયે સોમનાથની ભૂમિની માટક્ષ, જળ, અને કરોડો રામનામ લખેલી બુકો અયોધ્યા મંદિરને સર્મપણ કરાઈ હતી.

કોરોના કાળમાં સર્વત્ર રામકથા બંધ હતી ત્યારે સુપ્રસિધ્ધ રામકથાકાર મોરારીબાપુની માત્ર ૫૦ જેટલા શ્રોતાઓ અને દૂર દૂર બેઠક સાથેની રામકથા નવ દિવસે સોમનાથના રામ મંદિર ઓડીટેરીયમ ખાતે યોજાઈ હતી.

સુપ્રસિધ્ધ ટી.વી. સીરીયલ 'રામાયણ'ના તમામ કલાકારો સમયાંતરે સોમનાથ દર્શને આવેલ હતા જેમાં જાન્યુઆરી ૧૯૮૯માં ટીવી રામાયણ સીરીયલના લંકેશ અરવિંદ ત્રિવેદી પણ સોમનાથ આવ્યા હતા જેને સોમનાથ ટ્રસ્ટના સુરૂભા જાડેજાએ દર્શન કરાવ્યા હતા. અને શિવ તાંડવ પ્રસ્તુત કરવા તેમણે ઈચ્છા દર્શાવી હતી. જેની અનુમતિ મળતાં અરવિંદ ત્રિવેદીએ ભગવાન ભોળાનાથ સમક્ષ શિવતાંડવ ભાવલીન અને ભકિતમગ્ન બની પ્રસ્તુત કર્યું હતુ.

# કંડલા બંદરે માલ પરિવહન ક્ષમતા વધુ સુદ્રઢ બનાવવા કવાયત

## સેન્ટ્રલ વેર હાઉસિંગ કોર્પોરેશન દ્વારા આઈ વેર સપ્લાય ચેન સર્વિસ વ્યુહાત્મક કામગીરી સોંપાય




**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ**

વિશ્વપ્રસિદ્ધ કંડલા બંદરે માલ પરિવહન ક્ષમતા વધુ સુદ્રઢ બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે, આઈ વેર સુપર ચેન સર્વિસ લિમિટેડ ને કંડલા કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન ના વ્યવસ્થાપન અને વ્યૂહાત્મક કામગીરી માટે સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન એ વધારાની જવાબદારી સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યું છે. આઈ વેર સપ્લાય ચેન સર્વિસ ની ભાગીદારી ના કારણે કંડલા વિસ્તારમાં બંદર સંલગ્ન પરિવહન અને કાર્ગો હેન્ડલિંગ સિસ્ટમ વધુ મજબૂત બનશે.. કડલા સીએફએસ ખાતે યોજાયેલા ઉદઘાટન સમારોહમાં સી ડબલ્યુ સી અને આઈ વેર વચ્ચે ની ભાગીદારી ની જાહેરાત કરવામાં આવી હતી આ ભાગીદારીથી મલ્ટી મોડલ કનેક્ટિવિટી સુધારીને કાર્ગો પરિવહન વધુ કાર્યક્ષમ બનાવી વેપાર સુવિધાઓ ને વધુ વેગ મળશે ઉદ્યોગિક ક્ષેત્રના નિષ્ણાતો ના મતે આ ભાગીદારી કંડલા બંદર ને વધુ મજબૂત કાર્બોહબ રીતે વિકસાવવાની તક આપશે

# સુરેન્દ્રનગર: કમોસમી વરસાદમાં ખેડુતોની જેમ અગરીયાઓને પણ નુકશાનનું વળતર આપવા માંગ

## દસાડાના ધારાસભ્ય પરમાર અને અગરીયા આગેવાનોએ મુખ્યમંત્રીને કરી રજુઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

કચ્છના નાના રણમાં મીઠું પકવતા અગરીયાઓને પણ ખેડુતોની જેમ કમોસમી વરસાદથી થતા નુકશાનનું વળતર આપવા દસાડાના ધારાસભ્ય પી.કે. પરમારે અગરીયા આગેવાનો સાથે મુખ્યમંત્રીને રૂબરૂ મળી વળતરની માંગ કરી છે.



દસાડા તાલુકામાં કચ્છના નાના રણમાં મીઠુ પકવતા અગરિયાઓને કમોસમી વરસાદના કારણે મીઠાના પાકને અને ઘરવખરી તથા ઝુપડાને વ્યાપક પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું પરંતુ માત્ર સોલાર પેનલનો સર્વે થતા અગરિયાઓમાં ચિંતા જોવા મળી હતી. જેના ભાગરૂપે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકી અને હાલના ધારાસભ્ય પી.કે.પરમાર દ્વારા અગરિયાઆ મળી હતી.

જ્યારે રણની મુલાકાત બાદ સ્થાનિક ભાજપના ધારાસભ્ય એ અગરિયા આગેવાનને સાથે રાખી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરવા પહોંચ્યા હતા. જેમાં ખેડુતોને જેમ નુકશાની માટે સરકાર દ્વારા રૂ.૪૪,૦૦૦ ની સહાય આપવામાં આવી છે તેવી રીતે અગરિયાઓને પણ મીની વાવાઝોડાથી થયેલ નુકશાન અંગે સહાય આપવાની માંગ કરી હતી તેમજ રૂ.૨૨૦ કરોડનું પેકેજ જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ અગરિયા આગેવાન સાથે રૂબરૂ મળી સાંત્વના આપી હતી અને નિરાકરણ લાવવાની ખાત્રી આપી હતી.

તંત્રી લેખ

# માર્ગ અકસ્માતોની ભયાવહ સ્થિતિ: એક એવી મહામારી જેનો ઈલાજ માત્ર આપણી પાસે છે

આજના ઝડપી યુગમાં વાહનવ્યવહાર એ આપણા જીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે, પરંતુ આ જ વાહનો જ્યારે બેકાબૂ બને છે ત્યારે તે નિર્દોષ લોકોનો ભોગ લે છે. ભારત અને ખાસ કરીને ગુજરાતમાં માર્ગ અકસ્માતોની સંખ્યા હવે એક એવી સાયલન્ટ મહામારીનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે, જેની ગંભીરતા હજુ પણ સમાજને પૂરેપૂરી સમજાઈ નથી. રસ્તા પર રોજબરોજ વહેતું લોહી અને ઉજડતા પરિવારો એ આપણી ટ્રાફિક પ્રત્યેની બેદરકારીનું સૌથી વરવું પરિણામ છે. વિકાસની હરણફાળ ભરી રહેલા આપણા દેશ માટે આ એક એવો કલંકિત મુદ્દો છે જેના પર સત્વરે ધ્યાન આપવું અત્યંત જરૂરી બની ગયું છે.

ભારત સરકારના કેન્દ્રીય માર્ગ વાહનવ્યવહાર અને રાજમાર્ગ મંત્રાલય (ખજ્ઞછ્રઈ) દ્વારા જાહેર કરાયેલા વર્ષ ૨૦૨૩ ના સત્તાવાર રિપોર્ટના આંકડાઓ કંપારી છોડાવી દે તેવા છે. આ રિપોર્ટ મુજબ, દેશભરમાં એક જ વર્ષમાં ૪,૮૦,૫૮૩ જેટલા માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૧,૭૨,૮૯૦ લોકોએ પોતાના અમૂલ્ય જીવ ગુમાવ્યા છે. આ આંકડો દર્શાવે છે કે દરરોજ સરેરાશ ૪૭૦ થી વધુ લોકો ભારતના રસ્તાઓ પર મોતને ભેટે છે. આ મૃત્યુઆંક અત્યાર સુધીનો સૌથી વધુ છે, જે સ્પષ્ટ કરે છે કે વાહનોની સુરક્ષા ટેકનોલોજી ભલે વધી હોય, પરંતુ આપણી ડ્રાઈવિંગની રીતમાં કોઈ જ સુધારો આવ્યો નથી.

ગુજરાત રાજ્યની સ્થિતિ પર નજર કરીએ તો તે પણ અત્યંત ચિંતાજનક છે. આંકડાકીય વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૩ માં માત્ર ગુજરાતમાં જ માર્ગ અકસ્માતોમાં ૭,૮૫૪ લોકોના મૃત્યુ નોંધાયા છે. આ અકસ્માતોમાં સૌથી વધુ ભોગ બનનારા લોકોમાં ટુ-વ્હીલર ચાલકો અને પગપાળા ચાલતા રાહદારીઓનો સમાવેશ થાય છે. હેલ્મેટ વિના વાહન ચલાવવું અને ટ્રાફિકના સામાન્ય નિયમોને ઘોળીને પી જવાની વૃત્તિને કારણે યુવાનો સૌથી વધુ મોતને ભેટી રહ્યા છે, જે રાજ્યના ભવિષ્ય માટે એક મોટો ફટકો છે.

આ માર્ગ અકસ્માતો પાછળના મુખ્ય કારણોનું વિશ્લેષણ કરીએ તો, સૌથી મોટો ગુનેગાર 'ઓવરસ્પીડિંગ' એટલે કે નિર્ધારિત મર્યાદા કરતા વધુ ઝડપે વાહન ચલાવવું છે. રાષ્ટ્રીય આંકડાઓ દર્શાવે છે કે લગભગ ૬૮ ટકા જેટલા મૃત્યુ માત્ર ઓવરસ્પીડિંગના કારણે જ થાય છે. આ ઉપરાંત, રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરવું, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો અને નશાની હાલતમાં વાહન ચલાવવું જેવા કારણો પણ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો કરી રહ્યા છે. લોકોની ઉતાવળ અને બેદરકારી સેકન્ડોમાં જિંદગી છીનવી લે છે.

અકસ્માતમાં થતા મૃત્યુ માત્ર એક આંકડો નથી હોતા, પરંતુ તેની પાછળ આખો પરિવાર આર્થિક અને માનસિક રીતે બરબાદ થઈ જતો હોય છે. અકસ્માતમાં જીવ ગુમાવનારા મોટાભાગના લોકો ૧૮ થી ૪૫ વર્ષની વયજૂથના યુવાનો હોય છે, જેઓ તેમના પરિવારના મુખ્ય કમાનાર સભ્ય હોય છે. ઘરના આધારસ્તંભ સમાન વ્યક્તિનું અચાનક ચાલ્યા જવું એ પરિવારને કાયમ માટે ગરીબી અને લાચારીની ગર્તામાં ધકેલી દે છે. આ ઉપરાંત, ઘાયલ થનારા લોકોની સારવાર પાછળ થતો લાખો રૂપિયાનો ખર્ચ દેશના અર્થતંત્ર પર પણ મોટો આર્થિક બોજ નાખે છે.

દેશના સર્વ સ્થાન ઉપર મહિલાઓનું પ્રતિનિધિત્વ વધશે

# સંસદની બેન્કો અડધો અડધ વધારી ૮૧૬ કરાશે

## ૨૦૨૯ની ચૂંટણીમાં અનામત લાગુ કરવા વર્તમાન સંસદ સત્રમાં જ બે બિલ રજૂ થશે, સીમાંકન માટે ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધાર બનાવાશે



**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર આગામી લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવા માટે વર્તમાન સંસદ સત્રમાં બંધારણીય સુધારા સહિત બે બિલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહિલા સશક્તિકરણના એજન્ડાને વાસ્તવિક સ્વરૂપ આપવા આ પગલું ભરવામાં આવી રહ્યું છે. જો સરકારની આ યોજના સફળ રહેશે તો દેશના રાજકીય સમીકરણોમાં મોટો બદલાવ આવશે.

આ નવી વ્યવસ્થા હેઠળ લોકસભાની બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવશે. હાલની ૫૪૩ બેઠકો વધારીને ૮૧૬ કરવામાં આવશે અને આ વધારાની ૨૭૩ બેઠકો ખાસ મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. આ નિર્ણયથી હાલના પુરુષ સાંસદોની બેઠકોને પણ કોઈ નુકસાન નહીં થાય અને મહિલાઓને પૂરતું પ્રતિનિધિત્વ મળશે. પાંચ દાયકા બાદ લોકસભાની સભ્ય સંખ્યામાં આટલો મોટો વધારો જોવા મળશે, જોકે રાજ્યસભા અને વિધાન પરિષદની બેઠકોમાં કોઈ ફેરફાર થશે નહીં.

મહિલા અનામત ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી જ લાગુ કરવા માટે સરકાર નવી વસ્તી ગણતરીની રાહ જોવાના મૂડમાં નથી. આ માટે સરકાર ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે જ નવું સીમાંકન કરવાની યોજના બનાવી રહી છે. આ પ્રક્રિયા માટે એક સીમાંકન બિલ અને બીજું બંધારણીય સુધારા બિલ લાવવામાં આવશે. ૪ એપ્રિલના રોજ પૂર્ણ થતા બજેટ સત્રમાં જો સમય ઘટશે, તો સરકાર મહિલા અનામત માટે વિશેષ સત્ર પણ બોલાવી શકે છે.

આ બિલ પસાર કરાવવા માટે સર્વસંમતિ સાધવા ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વિવિધ પક્ષો સાથે બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. તેમણે એનડીએના સાથી પક્ષો ઉપરાંત પ્રાદેશિક અને વિપક્ષી દળો સાથે બેઠકો યોજી હતી, જેમાં સમાજવાદી પાર્ટી, શિવસેના (યુબિટી), બીજેડી અને વાયએસઆર કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યા હતા. જોકે, મમતા બેનર્જીની પાર્ટી ટીએમસજ આ બેઠકમાં ગેરહાજર રહી હતી. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી રહ્યા છે અને મહિલા અનામતની અંદર ઓબીસી અનામતની પણ માંગ ઉઠાવી રહ્યા છે.

### દરેક રાજયની લોક્સભા બેઠકોમાં સમાન રીતે ૫૦ ટકાનો વધારો થશે

સીમાંકનની આ નવી યોજના હેઠળ દરેક રાજયની લોકસભા બેઠકોમાં સમાન ૫૦% નો વધારો થશે, જેથી દક્ષિણ ભારતના રાજ્યોની વસ્તી નિયંત્રણના કારણે બેઠકો ઘટવાની ચિંતા પણ દૂર થશે. એક અથવા બે લોકસભા બેઠકો ધરાવતા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દર ત્રીજી ચૂંટણીમાં બેઠક મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. આ સાથે જ એસસી અને એસટી વર્ગની અનામત બેઠકોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે.

**લોક્સભાની સીટના નવા આંકડાઓ**

| વિગત | હાલની બેઠકો | સંભવિત બેઠક |
|---|---|---|
| કુલ બેઠકો | ૫૪૩ | ૮૧૬ |
| બહુમતીના આંકડા | ૨૭૨ | ૪૦૯ |
| એસસી અનામત | ૮૪ | ૧૨૬ |
| એસટી અનામત | ૪૭ | ૭૦ |

# ધારીમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ લાઈબ્રેરી શરૂ કરાવવાની માંગ

## ધારી પત્રકાર સંઘે કરી રજૂઆત, એક સપ્તાહમાં લાઈબ્રેરી શરૂ કરવાની તંત્રએ ખાતરી આપી

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

શિક્ષણ પ્રેમી મહારાજા સયાજીરાવ ગાયકવાડે ધારી શહેરમાં દશકાઓ પુર્વે એક લાયબ્રેરી શરૂ કરાવેલ હતી જેનો લાભ જાહેર જનતા લેતી હતી પરંતુ ત્યારબાદ આ લાયબ્રેરી નું સંચાલન ધારી ગ્રામ પંચાયત કરતું હતું . સમય જતાં આ લાયબ્રેરી ની જગ્યાએ આધુનિક લાયબ્રેરી બનાવવામાં આવેલ જેના ફ્લોર તેમજ પેહલા માળે દુકાનો તેમજ બીજા માળે લાયબ્રેરી બનાવવામાં આવેલ. ત્યારબાદ ધીરેધીરે સીનીયર સીટીઝન તેમજ બાળકો માટે બે માળના પગથીયા માથાનો દુખાવો બની ગયા અને ધીરેધીરે વાંચન કરવા આવતા શહેરીજનો ની સંખ્યામાં ઘટાડો થયો. દશકાઓથી કાર્યરત લાયબ્રેરી અચાનક બંધ કરવામાં આવેલ. વર્ષો સુધી બંધ રહેલી લાયબ્રેરી ને ફરી શરૂ કરાવવા માટે ધારી પત્રકાર સંઘ દ્વારા અવાજ ઉઠાવવામાં આવેલ . જાગૃત પત્રકાર દ્વારા ધારી નગરપાલિકા ના ચીફ ઓફિસર ને તેમજ ધારીના માજી સરપંચ જીતુભાઈ જોશીને રજુઆત કરવામાં આવી. લોકોના હીત માટે જાગૃત પત્રકાર ને પોઝીટીવ જવાબ મળેલ હતો અને એકાદ સપ્તાહ દરમિયાન વર્ષોથી બંધ કરવામાં આવેલ લાયબ્રેરી શરૂ કરવાની ખાતરી આપવામાં આવી છે. ધારી શહેરમાં આધુનિક લાયબ્રેરી વર્ષોથી બંધ પડેલ છે ત્યારે ધારી નગરપાલિકા દ્વારા તાલુકા પંચાયત ચોક ખાતે મહારાજા સયાજીરાવ ગાયકવાડ ના બાલમંદિરની જગ્યા ખાતે પણ નીચેના માળે કોમ્યુનિટી હોલ અને ઉપરના માળે અદ્યતન લાયબ્રેરી બનાવવાનું ખાત મુહૂર્ત ધારાસભ્ય જેવી કાકડીયાના હસ્તે કરવામાં આવેલ છે ત્યારે લોકમાંગ મુજબ પેહલા જુના બિલ્ડીંગમાં આવેલ અદ્યતન લાયબ્રેરીને શરૂ કરવામાં આવે અને સારી સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે. માજી સરપંચ જીતુભાઈ જોશી તેમજ ચીફ ઓફિસરે આપેલ ખાતરી અનુસાર જો એક સપ્તાહમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ લાયબ્રેરી શરૂ કરવામાં નહીં આવે તો પત્રકાર હનીફ નાડ એક જાગૃત નાગરિક તરીકે ધારી નગરપાલિકા કચેરીના ચીફ ઓફિસરને એલ્ટીમેટમ આપી ઉપવાસ આંદોલન કરશે.



## જામકંડોરણા અબતકના પત્રકાર પ્રવીણભાઈ દોંગાના પુત્ર મીતનો આજે જન્મદિવસ



જામકંડોરણા અબતકના રિપોર્ટર પ્રવીણભાઈ દોંગા ના યુવાન પુત્ર મીત નો આજે જન્મદિવસ છે, સ્ટેનોગ્રાફર નો અભ્યાસ કરતા મીત બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાઈને અનેક સેવાપ્રવૃત્તિઓ મા સતત કાર્યરત મીતને આજે જન્મદિવસ નિમિત્તે શુભેચ્છકો અને પરિવારજનો શુભેચ્છાઓ આપી રહ્યા છે


# કચ્છામાં માતાના મઢે કાલે હોમાદિક ક્રિયા ઉત્સવ: માના ગરબા ગવાશે

## ચંડીપાઠ, શ્લોક, સંક્રાંતિપાઠ થશે બપોર બિડુ હોમાશે

**અબતક,રાજકોટ**

માતાના મઢ કચ્છમાં આશાપુરા મંદિરે કાલે હોમાદિક પ્રિયા ઉત્સવ ઉજવાશે. આ તકે ચંડીપાઠ, શ્લોક તથા સંક્રાંતિપાઠ પણ યોજાશે બપોરે ૧૨ કલાકે બિડુ હોમાશે.

ભારતીય સંસ્કૃતિમાં શકિત ઉપાસનાનું સ્થાન અલૌકિક, અનોખું અને અજોડ છે. માતાના મઢમાં આશાપુરા શકિત પીઠ ખાતે આસો નવરાત્રિ અને ચૈત્ર નવરાત્રિ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. માં આશાપુરાનુ ૧૯ મી સદીનું ભવ્ય તિર્થધામ છે. સૌરાષ્ટ્ર-ગુજરાત મહારાષ્ટ્રમાંથી ભાવિકો પગપાળા, સાયકલ દ્વારા વિશાળ સંખ્યામાં માતાજીના ગુણગાન ગાતા માં આશાપુરા ઉપર અપાર શ્રધ્ધા વિશ્વાસ સાથે માઈ ભકતો દર્શન કરવા આવે છે. માં આશાપુરાનું મંદિર ઉપર બાવન ગજની વિશાળ ધજા છે. નિજ મંદિરમાં વિશાળ ઘંટ છે. મુખ્ય મંદિર ૫૮ ફુટ લાંબુ અને ૩૨ ફુટ પહોળો છે. માં આશાપુરાની વિશાળ કદની ૬ ફુટની મૂર્તિ છે. માં આશાપુરા મઢ ખાતે હોમાદિક ક્રિયાનું અતિ ભારે મહત્વ છે. લાખોની સંખ્યામાં માની માનેલ માનતા અને શ્રધ્ધા આસ્થા સાથે ભાવિકો દર્શન કરવા આવે છે. ચૈત્રીસુદ-૭, તા.૨૫.૦૩.૨૦૨૬, બુધવાર, રાત્રીના ૦૮:૩૦ કલાકે રાજા બાવા યોગેન્દ્રસિંહજીના અધ્યક્ષસ્થાને ગોર મહારાજ દેવકૃષ્ણ મુળશંકર જોષી હોમાદિક ક્રિયાનો પ્રારંભ થશે. હોમાદિક ક્રિયા વિધિ સમયે દેવી દેવતાઓને વિશેષ પુજા અર્ચના દરેક દેવતાઓને આહવાન આપી ફળ. ફુલોની હોમાદિક ક્રિયા આહુતિ આપવામાં આવશે. આ સમયે ચંડીપાઠ, શ્લોક, સંક્રાતિપાઠ, માના ગરબા ગવાશે. આ સમયે વાતાવરણ ભકિતમય બની જાય છે. મધ્યરાત્રીલો, રાજાબાવા યોગેન્દ્રસિંહજી રાત્રીના ૧૨.૩૦ કલાકે ઉગતી આઠમે હવનમાં બીડુ હોમશે. સમગ્ર વાતાવરણ માં આશાપુરાના નાદ સાથે ગુંજી ઉઠશે. ભૂવા તરીકે ગજુભા ચૌહાણ તથા દીલુભા ચૌહાણ સેવા આપે છે. માં આશાપુરા ધામમાં નિજ મંદિરની અંદર જ હનુમાનજી. ગણેશજી. શંકર-પાર્વતી, ચાચરા ભવાની, ખેતરપાળ દાદા તેમજ બાજુમાં હિંગળાજ માનું ભવ્ય મંદિર આવેલ છે. આરતીનો સમય સવારના ૫ વાગ્યે મંગળા આરતી, સવારે ૯:૦૦ કલાકે ધૂપ આરતી સાંજની સુર્યાસ્ત સમય મુજબ કરવામાં આવે છે. ભાવિકોને વિનામૂલ્યે જમવા તથા રહેવાની સગવડ પુરી પાડવામાં આવે છે.




# અમેરિકા-ઈરાન યુદ્ધ વિરામની અટકળો વચ્ચે શું પાકિસ્તાન બનશે મધ્યસ્થી?

## પરમાણુ હથિયારોનો ત્યાગ એ જ શાંતિનો એકમાત્ર રસ્તો: ટ્રમ્પનો ૧૫ મુદ્દાનો એજન્ડા ; ઈરાનના સંસદ અધ્યક્ષ કાલીબાફનો ઈનકાર: બજારમાં હેરફેર કરવા માટે અમેરિકા અફવા ફેલાવે છે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના ભીષણ સંઘર્ષને રોકવા માટે એક મહત્વપૂર્ણ ૧૫-મુદ્દાના શાંતિ પ્રસ્તાવની જાહેરાત કરી છે. રવિવારે થયેલી ચર્ચાઓ બાદ ટ્રમ્પે દાવો કર્યો હતો કે બંને દેશો વચ્ચે કરારના મુખ્ય મુદ્દાઓ પર સહમતી બની છે, જેમાં ઈરાન દ્વારા પરમાણુ હથિયારોનો ત્યાગ કરવો એ સૌથી મોટી શરત છે. આ પ્રક્રિયાને વેગ આપવા માટે ટ્રમ્પે ઈરાનના પાવર ગ્રીડ પરના હુમલાને ૫ દિવસ માટે સ્થગિત કર્યા છે અને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ સમયગાળામાં ઉકેલ નહીં આવે, તો અમેરિકા ફરીથી બોમ્બમારો શરૂ કરશે.

તાજેતરના અહેવાલો મુજબ, પાકિસ્તાન આ વિવાદમાં મુખ્ય મધ્યસ્થી તરીકે ઉભરી રહ્યું છે. રોઈટર્સ અને અન્ય આંતરરાષ્ટ્રીય મીડિયા અનુસાર, પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરે ટ્રમ્પ સાથે અને વડાપ્રધાન શહબાઝ શરીફે ઈરાની રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરી છે. એવી પ્રબળ શક્યતા છે કે આ અઠવાડિયે ઈસ્લામાબાદમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર ઈરાની પ્રતિનિધિઓ સાથે સીધી મુલાકાત કરી શકે છે. જોકે, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે આ મંત્રણાને અત્યંત ''સંવેદનશીલ'' ગણાવીને હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી.ટ્રમ્પ દ્વારા હુમલામાં ૫ દિવસના વિરામની જાહેરાત થતા જ આંતરરાષ્ટ્રીય તેલ બજારમાં મોટી અસર જોવા મળી છે. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧૦.૯ ટકાનો ઘટાડો થયો છે અને તે ૧૦૦ ડોલર પ્રતિ બેરલની નીચે આવી ગયા છે. નિષ્ણાંતોનું માનવું છે કે જો આ ૧૫-મુદ્દાનો કરાર સફળ થશે, તો તેલના ભાવમાં હજુ વધુ મોટો ઘટાડો થઈ શકે છે.

હાલમાં સ્થિતિ અત્યંત ગંભીર છે. એક તરફ ટ્રમ્પ 'ડીલમેકર' તરીકે શાંતિ સ્થાપવાનો દાવો કરી રહ્યા છે, તો બીજી તરફ ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાના સૈન્ય લક્ષ્યો હાંસલ કરવા માટે હુમલા ચાલુ રાખશે.



### ઈરાનનો ઈનકાર અને 'ફેક ન્યૂઝ'નો દાવો

બીજી તરફ, ઈરાને અમેરિકા સાથે કોઈ પણ સીધી મંત્રણા થઈ હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. ઈરાનના સંસદ અધ્યક્ષ મહોમ્મદ બાકેર કાલીબાફે આ અહેવાલોને 'ફેક ન્યૂઝ' ગણાવ્યા છે અને કહ્યું છે કે આ માત્ર નાણાકીય બજારમાં હેરફેર કરવાનો પ્રયાસ છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સએ પણ આક્રમક વલણ અપનાવતા તેલ અવીવ અને અમેરિકી બેઝ પર નવા મિસાઈલ હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે.

# માધવપુરના મેળામાં ૫૮ સ્ટોલની હરાજી: રૂ.૭૫.૧૫ લાખની આવક

## રમકડાં અને ફૂડ સ્ટોલ માટે વેપારીઓમાં જોવા મળ્યો ભારે ઉત્સાહ

**અબતક આશિષ પોપટ**
**માધવપુર (ઘેડ)**

માધવપુર ઘેડમાં યોજાતા વિશ્વ વિખ્યાત કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ પ્રસંગના લોકમેળાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે મેળાના સુચારુ આયોજનના ભાગરૂપે આજે વહીવટી પ્રક્રિયા તેજ બનાવવામાં આવી હતી. પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે સવારે માધવપુર ગ્રામ પંચાયત ખાતે મેળાના મેદાનમાં સ્ટોલ ફાળવણી માટેની જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરાજીમાં અપેક્ષા કરતા પણ વધુ પ્રતિસાદ સાંપડ્યો હતો અને મેળા સમિતિને કુલ રૂ૭૫,૧૫,૦૦૦ (પંચોતેર લાખ પંદર હજાર) ની માતબર ઉપજ પ્રાપ્ત થઈ છે.

મેળાના મેદાનમાં અલગ-અલગ સુવિધાઓ અને વેપાર માટે કુલ ૫૮ સ્ટોલની હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પોરબંદર જિલ્લા વહીવટી તંત્રના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ હરાજીમાં મેળા સમિતિને મુખ્યત્વે બે વિભાગોમાં મોટી આવક થઈ છે. જેમાં પ્રથમ વિભાગમાં ૨૦ ગ્રાફ અને રમકડાના સ્ટોલની હરાજી કરવામાં આવી હતી, જેમાંથી તંત્રને રૂ૧૪,૦૦,૦૦૦ ની ઉપજ થઈ હતી. જ્યારે બીજા વિભાગમાં અન્ય ૩૮ સ્ટોલની હરાજી યોજાઈ હતી, જેમાંથી અંદાજે રૂ ૨૨,૦૦,૦૦૦ જેટલી રકમ એકત્ર થઈ હતી. આ ઉપરાંત, ફૂલ સ્ટોલ અને મનોરંજન ગ્રાઉન્ડના પ્લોટની હરાજી સાથે મેળા સમિતિની કુલ આવકનો આંકડો રૂ૭૫ લાખ ૧૫ હજારની ઉપર પહોંચ્યો હતો. આ હરાજીમાં મેળા સમિતિને અંદાજે રૂ ૩૬ લાખની ચોખ્ખી ઉપજ થવા પામી છે.

આ હરાજી પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. આજે સવારે જ્યારે હરાજીની શરૂઆત થઈ ત્યારે તાલુકા વિકાસ અધિકારી માધવપુર ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તલાટી મંત્રીની પ્રત્યક્ષ હાજરીમાં બોલી લગાવવામાં આવી હતી. હરાજીમાં ભાગ લેવા માટે સ્થાનિક વેપારીઓ તેમજ બહારથી આવેલા વ્યાપારીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. હરાજી દરમિયાન વેપારીઓમાં ભારે રસાકસી જોવા મળી હતી, જે મેળાની લોકપ્રિયતા અને આર્થિક મહત્વને સાબિત કરે છે.

માધવપુરના આ પરંપરાગત મેળાને લઈને સમગ્ર પંથકમાં અનેરો ઉત્સાહ અને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રૂક્ષ્મણીના વિવાહ પ્રસંગનું સાક્ષી બનવા માટે દર વર્ષે લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. આ વર્ષે પણ મેળાના મેદાનમાં મનોરંજનના સાધનો, સ્ટોલ અને અન્ય સુવિધાઓને લઈને વહીવટી તંત્ર સક્ષ્જ બન્યું છે. હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે મેદાનમાં સ્ટોલ ધારકો દ્વારા પોતાની દુકાનો અને પ્રદર્શનો ગોઠવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે રીતે આયોજનબદ્ધ રીતે હરાજી પૂર્ણ કરવામાં આવી છે, તેનાથી મેળાની વ્યવસ્થા જાળવવામાં મોટી મદદ મળશે. માધવપુરની પવિત્ર ધરતી પર યોજાતો આ લોકમેળો માત્ર સાંસ્કૃતિક મહત્વ જ નથી ધરાવતો, પરંતુ તે આર્થિક રીતે પણ આ વિસ્તાર માટે અત્યંત મહત્વનો સાબિત થઈ રહ્યો છે. હરાજીમાં થયેલી લાખોની આવક મેળાના સુચારુ સંચાલન અને સુવિધાઓ પાછળ ખર્ચવામાં આવશે તેવી વિગતો પણ પ્રાપ્ત થઈ છે.



### માધવપુર ઘેડમાં કૃષ્ણ-રૂકમણી વિવાહ લોકમેળા માટે પીજીવીસીએલની તડામાર તૈયારીઓ

માધવપુર ઘેડ ખાતે યોજાતા ભગવાન કૃષ્ણ અને રૂકમણીના પૌરાણિક વિવાહ પ્રસંગે યોજાતા લોકમેળા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ પ્રસંગે પીજીવીસીએલ (ડ્ર્રટઈક) દ્વારા પણ ખાસ આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેથી મેળા દરમિયાન વીજ પુરવઠામાં કોઈ વિક્ષેપ ન સર્જાય.

પીજીવીસીએલ દ્વારા કાળિયા ઠાકરના આ ભવ્ય લગ્નોત્સવમાં સતત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે અગાઉથી જ લાઈન કામનું જરૂરી મેન્ટેનન્સ કરવામાં આવ્યું છે. ઉપરાંત મેળા ગ્રાઉન્ડ ખાતે નાના-મોટા મળી કુલ ૨૪ વીજ ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં આવ્યા છે.

મેળા દરમિયાન વીજળીની કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે સ્ટાફની પણ યોગ્ય ફાળવણી કરવામાં આવી છે અને સંપૂર્ણ આયોજનબદ્ધ રીતે કામગીરી ગોઠવવામાં આવી છે.



સ્પોર્ટ્સ અબતક

# કોહલીનો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ:આરસીબીના બેટ્સમેનનો પ્રેક્ટિસ મેચમાં શાનદાર પ્રદર્શન

## જીતેશ શર્માએ ૩૭ બોલમાં વિસ્ફોટક ૮૧ રન બનાવ્યા, ટીમ ડેવિડના ૧૪ બોલમાં ૩૬ રન અને વેંકટેશ ઐયરના ૧૬ બોલમાં ૩૦ રન ઝૂડ્યા



**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ શરૂ થાય તે પહેલાં મોટાભાગની ટીમો પ્રેક્ટિસ મેચ રમી રહી છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પણ ૨૨ માર્ચે એક પ્રેક્ટિસ મેચ રમી હતી, જેમાં વિરાટ કોહલીએ ૧૨ બોલમાં ૨૯ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. આરસીબીના ખેલાડીઓને બે ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા, જેની કેપ્ટનશીપ કૃણાલ પંડ્યા અને વેંકટેશ ઐયર કરશે. આરસીબી ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચ ૨૮ માર્ચે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમશે.આરસીબીના સોશિયલ મીડિયા પર પ્રેક્ટિસ મેચના હાઈલાઈટ્સ દર્શાવતો એક વીડિયો શેર કર્યો છે. ભુવનેશ્વર કુમાર અને કૃણાલ પંડ્યાએ શાનદાર બોલિંગ કરી હતી, જ્યારે વેંકટેશ ઐયર અને વિરાટ કોહલીએ બેટથી પોતાની તાકાત બતાવી હતી.રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ માટે આ પ્રેક્ટિસ મેચમાં જીતેશ શર્માએ સૌથી વધુ પ્રભાવિત કર્યો, તેને ૩૭ બોલમાં વિસ્ફોટક ૮૧ રન બનાવ્યા. આ વખતે પણ જીતેશ ફિનિશરની ભૂમિકામાં જોવા મળી શકે છે.ટિમ ડેવિડના ૧૪ બોલમાં ૩૬ રન અને વેંકટેશ ઐયરના ૧૬ બોલમાં ૩૦ રન સારા ફોર્મમાં હોવાના સંકેતો દર્શાવે છે. વેંકટેશને બેંગલુરુની પ્લેઈંગ ઈલેવનમાં કેવી રીતે સામેલ કરવામાં આવશે તે એક મોટો સવાલ રહે છે.વિરાટ કોહલી પણ ચર્ચાનું કેન્દ્ર બન્યો, તેને ૧૨ બોલમાં ૨૪૧.૬૭ના સ્ટ્રાઈક રેટથી ૨૯ રન બનાવ્યા. વિરાટે માત્ર ઝડપી રન જ નહીં પરંતુ ૩ છગ્ગા પણ ફટકાર્યા. ગયા સિઝનમાં તેને ૫૪.૭૫ની એવરેજથી ૬૫૭ રન બનાવ્યા હતા.રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ફાઈનલમાં પંજાબ કિંગ્સને ૬ રને હરાવીને પહેલીવાર આઈપીએલ ૨૦૨૫ ટ્રોફી જીતી હતી. ઈતિહાસમાં ફક્ત ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ જ બે ટીમો છે જેને ચેમ્પિયન બન્યા પછી સફળતાપૂર્વક પોતાનું ટાઈટલ બચાવ્યું છે. આઈપીએલ ૨૦૨૬નું ટાઈટલ જીતીને આરસીબી પણ આ એલિટ ગ્રુપમાં જોડાઈને ઈતિહાસ રચી શકે છે.

### આઈપીએલમાં ટોપ -૨માં સ્થાન મેળવવા આરસીબી મજબૂત દાવેદાર

પોતાની યુટ્યુબ ચેનલ પર વાત કરતા આર અશ્વિનની આરસીબી ટીમની પ્રશંસા કરી. તેને કહ્યું કે આરસીબી આ ટીમ સાથે આગામી બે વર્ષમાં તેમની ટીમમાં વધુ એક ટાઈટલ ઉમેરી શકે છે. આઈપીએલ જીતવી સરળ નથી, પરંતુ તેમની પાસે જે બિલ્ડીંગ બ્લોક્સ અને એક-એક રિપ્લેસમેન્ટ છે તે પ્રભાવશાળી છે. તેને તેમની ટીમ કોમ્બિનેશનમાં રહેલી ખામીઓને ખૂબ સારી રીતે દૂર કરી છે, અને તેમની પાસે ટોપ ૨માં સ્થાન મેળવવા માટે એક મજબૂત ટીમ છે.

# ૨૦ બોલમાં ફિફ્ટી ફટકારી રહાણે આઈપીએલ પહેલા જ ફોર્મમાં આવ્યો



**અબતક, રાજકોટ**

કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણે આગામી આઈપીએલ ૨૦૨૬ સીઝન માટે તેમની તૈયારી અને આક્રમક ઈરાદાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. ટીમના ઈન્ટ્રા-સ્કવોડ પ્રેક્ટિસ મેચમાં રહાણે માત્ર ૨૦ બોલમાં જ અર્ધસેન્ચુરી પૂરી કરીને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા. તેમણે કુલ ૨૫ બોલમાં ૫૮ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી, જેમાં ૬ ફોર અને ૪ સિકસરનો સમાવેશ થાય છે.પ્રેક્ટિસ મેચમાં રહાણે ઓપનિંગ કરતા પહેલા જ આક્રમક બેટિંગનો દાખલો પૂરો પાડ્યો. તેમની અર્ધસેન્ચુરી માત્ર ૨૦ બોલમાં આવી, જે તેમની વર્તમાન ફોર્મ અને ટી૨૦ ક્રિકેટમાં તેમની આક્રમકતાનું પ્રતીક છે. અર્ધસેન્ચુરી પૂરી કર્યા પછી રહાણે સ્વેચ્છાએ પેવેલિયન પરત ફરી ગયા, જેથી અન્ય ખેલાડીઓને પણ બેટિંગનો પ્રેક્ટિસ મળી શકે. આ વર્તણૂકે તેમના ટીમમેન અને કોચિંગ સ્ટાફને પ્રભાવિત કર્યા છે.

ગત સીઝન કેકેઆરનું પ્રદર્શન સારું નહોતું અને ટીમ ૮મા સ્થાને રહી હતી. તેમ છતાં રહાણે વ્યક્તિગત રીતે સારું પ્રદર્શન કર્યું હતું અને ટીમ માટે સૌથી વધુ ૩૯૦ રન બનાવ્યા હતા.

રહાણે કેપ્ટન તરીકે ટીમને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે, આ વર્ષે અમારી બેટિંગ યુનિટ અદ્ભુત છે. મોટા ભાગના બેટ્સમેન સારી ફોર્મમાં છે. તેમણે બેટિંગ ઓર્ડર વિશે કોઈ સ્પષ્ટ જાણકારી આપી નથી, પરંતુ ટીમને મજબૂત શરૂઆત કરવા અને સતત પ્રદર્શન કરવા પર ભાર મૂક્યો છે.

# શ્રીલંકાનો શનાકા પીસીએલમાંથી નીકળી આઈપીએલમાં જોડાશે




**અબતક, રાજકોટ**

પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ના આયોજનમાં હંમેશાં અનિશ્ચિતતા રહેલી હોય છે અને તમાં ભાગ લેનારા ખેલાડી મોટા ભાગે દ્વિધામાં જ રહેતા હોય છે તેમાં હવે શ્રીલંકાની ક્રિકેટ ટીમના કેપ્ટન સુન શનાકાએ ભારતમાં આઈપીએલમાં રમવા માટે પીએસએલમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. આમ પીએસએલ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. શ્રીલંકાનો કેપ્ટન અને ઓલરાઉન્ડર દાસુન શનાકા આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જોડાશે અને ઈજાગ્રસ્ત સેમ કરનના સ્થાને રાજસ્થાન રોયલ્સે તેની સાથે કરાર કર્યો છે.ઉપરાંત ઝિમ્બાબ્વેના ઝડપી બોલર બ્લેસિંગ મુઝારાબાનીએ બાંગ્લાદેશી બોલર મુસ્તાફિઝુર રહેમાનના સ્થાને કોલકાતા નાઈટ રાઈડર્સમાં જોડાવા માટે ઈસ્લામાબાદ યુનાઈટેડ સાથેનો પોતાનો કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો. આમ પીએસએલ છોડીને ભારતની આઈપીએલમાં જનારો શનાકા તાજેતરનો બીજો વિદેશી ક્રિકેટર બન્યો છે.પાકિસ્તાન સુપર લીગ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે દાસુન શનાકાનું પીએસએલમાં જોડાણ માટેનું પેપરવર્ક બાકી છે અને આ કારણે તે ખસી ગયો છે પરંતુ આ પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા હતી. હવે તે રાજસ્થાન રોયલ્સની ટીમ તેની શરૂઆતની મેચ જ્યાં રમવાની છે તે ગુવાહાટી ખાતે ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે.

# ન હોય...સુનિલ ગાવસ્કરને પણ 'ધૂરંધર'ની ટિકિટ ન મળી! રાકેશ બેદી પાસે માંગી મદદ





**અબતક, રાજકોટ**

બોલિવૂડની ધ રિવેન્જ અત્યારે દેશભરમાં તોફાન મચાવી રહી છે. અદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી આ સ્પાય-એક્શન ફિલ્મના પ્રથમ ભાગ 'ધુરંધર'નો રેકોર્ડ તોડવાની તૈયારીમાં છે. રનવીર સિંહ, આર. માધવન, અર્જુન રામપાલ, સંજય દત્ત અને રાકેશ બેદી જેવા સ્ટાર્સથી સજ્જ આ ફિલ્મના શો હાઉસફુલ ચાલી રહ્યા છે. ટિકિટોની માંગ એટલી વધી ગઈ છે કે આઈપીએલ ૨૦૨૬ના હાઈપ વચ્ચે પણ લોકો માત્ર 'ધુરંધર'ની જ વાત કરી રહ્યા છે.

આ તોફાનમાં ક્રિકેટના 'લિટલ માસ્ટર' અને ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય સુનીલ ગાવસ્કર પણ લાચાર થઈ ગયા! સામાન્ય રીતે શાંત અને સંયમિત વ્યક્તિત્વ ધરાવતા ગાવસ્કરને પણ થિયેટરમાં બે ટિકિટ મેળવવામાં મુશ્કેલી પડી. તેમણે વેટરન એક્ટર રાકેશ બેદીને ફોન કરીને મદદ માંગી. આ અનોખો કિસ્સો રાકેશ બેદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં જણાવ્યો છે, જે અત્યારે સોશિયલ મીડિયા પર વાયરલ બની ગયો છે.

વીડિયોમાં રાકેશ બેદી કહે છે, સ્પોર્ટ્સની વાત કરીએ તો હું કાલે ભારતના એક મહાન ખેલાડી, મહાન સુનીલ ગાવસ્કરજીને મળ્યો હતો. તેમણે મને કહ્યું, 'રાકેશજી, ફિલ્મની ટિકિટ મળતી નથી. કંઈક કરીને મારા માટે વ્યવસ્થા કરી આપો.' તેથી હું હવે તેમના માટે કેટલીક ટિકિટની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરી રહ્યો છું. આશા છે કે હું કરી શકીશ.


# સાઉથ આફ્રિકા સિરિઝ માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત: અનુષ્કા શર્માની સરપ્રાઈઝ એન્ટ્રી

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ૨૪ માર્ચે દક્ષિણ આફ્રિકા સામે આગામી મહિને રમાનારી પાંચ મેચની મહિલા ટી-૨૦ સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી હતી. આ સીરિઝ ૧૭ એપ્રિલથી ૨૭ એપ્રિલ સુધી દક્ષિણ આફ્રિકાની ધરતી પર રમાશે. ટીમનું નેતૃત્વ ફરી એકવાર અનુભવી કેપ્ટન હરમનપ્રીત કૌર કરશે, જેમાં સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાના વાઈસ કેપ્ટન રહેશે. (અનુ. આઠમા પાને)

### ભારતીય ટીમ

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ કેપ્ટન), શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, ઋચા ઘોષ (વિકેટકીપર), અરુંધતી રેડ્ડી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, શ્રી ચરણી, શ્રેયંકા પાટિલ, કાશ્વી ગૌતમ, ભારતી ફુલમાલી, ઉમા છેત્રી (વિકેટકીપર) અને અનુષ્કા શર્મા.

# લાખોમાંથી જુજ લોકો તત્વ જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને "ભાગ્યવંતા" જ તત્વ જ્ઞાનને પ્રાપ્ત કરે છે

## દુન્યવિ બાબતોનો સર્વાંગી ખ્યાલ એ માહિતી છે જ્ઞાન એથી ઘણું ઉપર છે

**જ્ઞાન રહસ્ય**

સામાન્ય રીતે સમાજમાં જ્ઞાનનો અર્થ એવો કરવામા આવે છે કે દુન્યવી બાબતોનો સર્વાંગી ખ્યાલ, અભ્યાસમાં હોશિયાર, વધારે ટકાવારી લાવે, વાકપટુતા તેમજ ખુબજ આર્થિક કમાણી કરનારને પણ હોશિયાર કહે છે. પરંતુ વેદાંત અને આધ્યાત્મમાં આ જ્ઞાનને જ્ઞાન કહેવાતું નથી. પરંતુ તેને જડ (નાશવાન) પદાર્થનું જ્ઞાન કહે છે. સાંસારિક જ્ઞાન તે ફકત માહિતી છે જે ભૌતિક છે. અને નાશવાન છે. જે જ્ઞાનવડે આત્મ અને અનાત્મ વસ્તુની સમજણ પડે તે જ્ઞાનનું નામ આધ્યાત્મ જ્ઞાન છે.

શ્રીમદ ભાગવદ્ ગીતા અધ્યાય ૧૩ના શ્લોક ૧૧માં ભગવાન શ્રી કૃષ્ણએ જણાવ્યું છે કે આધ્યાત્મ જ્ઞાનમાં નિત્ય સ્થિત રહેવું અને તત્વ જ્ઞાન વડે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ પરમાત્માને જ જોતા રહેવું આ બધુ જ્ઞાન છે. અને જે આ બધાથી અવળુ છે. એ અજ્ઞાન કહેવાયું છે આ માટે અધ્યાય ૧૩-૧૪ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ અને પ્રકૃતિના જ્ઞાન સાથે આત્મજ્ઞાન માટે ખાસ વાંચવા અને સમજવા જેવો મારા મતે છે.જેમાં જણાવેલ છે કે લૌકિક અને પરલૌકિક જેટલા પણ જ્ઞાન છે. એટલે કે જેટલી પણ વિધ્યાઓ, કળાઓ, ભાષાઓ, લિપિઓ વિગેરેનું જ્ઞાન છે તે તમામમાંથી પ્રકૃતિ-પુરૂષ (આત્મા)નો ભેદ બતાવવા વાળુ, પ્રકૃતિથી પર કરવા વાળુ અને પરમાત્માની પ્રાપ્તી કરાવવા વાળુ આ 'જ્ઞાન' શ્રેષ્ઠ છે, સર્વોત્કૃષ્ટ છે. આની સમાન બીજુ કોઈ જ્ઞાન છે જ નહી હોઈ શકતુ જ નથી અને હોવાનો સંભવ પણ નથી. કેમકે બીજા જ્ઞાન સંસારની માયા જાળમાં ફસાવનાર છે. બંધનમાં નાખવા વાળા છે.


ગીતા અધ્યાય ૭ શ્લોક ૩માં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે લાખો લોકોમાંથી કોઈક જ આ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. અને તે પ્રયત્ન કરનારા હજારોમાંથી પણ કોઈ એક જ મારા આ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આગળ ભગવાને કહ્યું છે કે, 'પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુધ્ધિ અને અહંકાર એ પ્રમાણે આઠ પ્રકારે પોતાની પ્રકૃતિ છે, આ આઠ પ્રકારની ભેદની તો અપરા એટલે કે જડ પ્રકૃતિ છે. વળી આના સિવાયની જે પ્રકૃતિથી સમગ્ર જગત ધારણ કરાય છે. તે જીવાત્મા રૂપ પરા એટલે કે ચેતન પ્રકૃતિ છે.

ઉપરાંત શ્રુતિમાં વિશેષ વ્યાખ્યા આ આત્માની કરી છે કે જે પાપ-પૂણ્યથી રહિત, સર્વ પ્રાણીઓમાં વ્યાપક રીતે અદ્વિતિય અને નિરતિશય, સુખરૂપ જે છે તે આત્મા છે. (જે નિર્લેપ નિરંજન, નીરાકાર છે) તેનું વાસ્તવિક જ્ઞાન તે જ જ્ઞાન છે.

ભગવાન ગીતામાં આ જ્ઞાનની મહત્તા અંગે અધ્યાય ૪ શ્લોક ૩૩માં જણાવ્યું છે કે, 'દ્રવ્યમય યજ્ઞ'ની અપેક્ષાએ જ્ઞાનયજ્ઞ ઘણો ચઢિયાતો છે. તથા તમામ કર્મોજ્ઞાનમાં સમાપ્ત થાય છે. આ જ્ઞાનરૂપી નાવ દ્વારા નિઃસંદેહ આખા પાપ સાગર રૂપી સંસારને સારી રીતે પાર કરી શકે છે. આ જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કર્મોને ને ભસ્મીભૂત કરી નાખે છે. આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારૂ, નિઃસંદેહ બીજુ કશુ નથી. આ જ્ઞાન જીતેન્દ્રીય, સાધના પરાયણ અને શ્રદ્ધાવાન માણસ પામી શકે છે. અને તુરત જ ભગવત પ્રાપ્તીરૂપી પરમ શાંતીને પામે છે.બીજા જ્ઞાન સંસારમાં બંધન કરનારા છે.પ્રકૃતિથી ઉત્પન્ન થતા ત્રણગુણ સત્વ રજ અને તમ વ્યકિતને બંધન કરનારા છેએટલે કે પુનર્જન્મ થવાનું અને કઈ યોનીમાં ગતિ થશે તેનું કારણ છે. પરંતુ આ આત્મજ્ઞાન જે રીતે પ્રજવલીત અગ્નિઘણા બધા ઈંધણોને ભસ્મીભૂત કરી દે છે તેજ રીતે આ આત્મજ્ઞાન રૂપી અગ્નિ તમામ કર્મોને ભસ્મીભૂત કરી દે છે.

વેદાંતમાં આ જ્ઞાન પ્રાપ્ત કરવાના વિખ્યાત અને નૈસર્ગિક પ્રક્રિયા અંગેના આઠ અંગો જણાવેલા છે (૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) શમ વિગેરે ષટ સંપતિ (શમ-દમ-શ્રધ્ધા, ઉપરાંત-તિતિક્ષા અને સમાધાન) (૪) મુમુક્ષતા (૫) શ્રવણ (૬) મનન (૭) નિદિ ધ્યાસન અને (૮) તત્ત્વ પદાર્થ સંશોધન (પરિણામ તત્વજ્ઞાન).

પ્રથમ સાધન વિવેક સત અને અસતને જુદા જુદા જાણવા તે છે, તે જાણ્યા બાદ અસતનો ત્યાગ કરવો એટલે કે ભૌતિક સંસારથી વિમુખ થવું એ 'વિવેક' કહેવાય છે. તે પછી શમદમ વિગેરે ષટ સંપતિ આવે છે મન (જડ)ને ઈન્દ્રિયોના વિષયોથી દૂર કરવું એ શમ છે. ઈન્દ્રિયોને વિષયોથી દૂર કરવી એ 'દમ' છે. ઈશ્વર શાસ્ત્ર વિગેરે ઉપર પૂજયભાવ રાખી પ્રયત્ક્ષથી પણ વધુ વિશ્વાસ કરવોએ 'શ્રધ્ધા' છે. વૃત્તિઓનું સંસાર તરફથી દૂર થવું એ ઉપરતિ છે. દ્વન્દો સુખ-દુઃખ, ઠંડી ગરમીને સહન કરવા, તેમની ઉપેક્ષા કરવી તે તિતિક્ષા છે.અંતઃકરણ અને મનમાં શંકાઓ ન રહેવી તે સમાધાન છે. તે પછી ચોથુ સાધન એ 'મુમુક્ષતા' છે જે મુમુક્ષતા એટલે સંસારમાંથી છુટવાની ઈચ્છા મુમુક્ષતા જાગૃત થયા પછી સાધક પદાર્થો અને કર્મોનો સ્વરૂપથી ત્યાગ કરી શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂની પાસે પહોચે છે. ગુરૂ પાસે રહીને શાસ્ત્રોના જ્ઞાન સાંભળીને તાત્પર્ય નો નિર્ણય કરવો અને પછી તેને ધારણ કરે તેને 'શ્રવણ' કહે છે. આ શ્રવણથી પ્રમાણગત સંશયો નાબુદ થાય છે.ત્યારબાદ પરમાત્મતત્વનું યુકિત પ્રયુકિતથી ચિંતન કરે તેને 'મનન' કહે છે.મનનથી પ્રમેયગત સંશયો દૂર થાય છે. આ સંસારની ભૌતિક સત્તાને માનવી તથા પરમાત્મતત્વની માનવી નહી તે 'વિપરિત ભાવના' છે. વિપરિત ભાવનાને દૂર કરવી એ નિદિધ્યાસન છે (બ્રહ્મ સત્ય જગતમિથ્યા જ માનવું) આના લાંબા અભ્યાસ ને અંતે પ્રાકૃત પદાર્થ સાથે સંબંધ વિચ્છેદ થઈ જાય અને કેવળ એક ચિન્મય તત્વ બાકી રહી જાય એ 'તત્વ પદાર્થ સંશોધન' (આત્મજ્ઞાન)છે અને તેને જ આત્મ સાક્ષાત્કાર કહે છે.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

વેદાંત ગ્રંથ 'લઘુયોગ વશિષ્ઠસાર'માં આ આત્મજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) માટે વૈરાગ્ય પ્રકરણમાં નીચે મુજબનાં શ્લોકો મુકેલ છે. (અહિં તેનું ગુજરાતી ભાષાંતર મુકેલ છે)

શ્લોક -૪: 'જેમ નાવિક દ્વારા વહાણ મળે છે અને સમુદ્ર પાર કરી શકીએ છીએ, તેમ જગતરૂપી સમુદ્ર પાર કરવા માટે આત્મજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) આપી શકે તેવા ગુરૂ મળે તેની સેવા કરવી જોઈએ તેઓ જ યોગ્ય રસ્તો દર્શાવે છે.

શ્લોક-૫:- જગતરૂપી દીર્ઘ રોગ ને દૂર કરવા માટે સારાવિચાર એજ ઔષધી છે. આ સુવિચાર એટલે 'હું કોણ?' અને 'સંસાર કોને થયો છે?' એવો વિવેક કરતા આવડે તો સંસાર (જગત) લીન થઈ જાય છે. જે પ્રમાણે ઔષધીથી રોગની શાંતી થાય છે. તેમ સારા વિચાર વડે સંસારની શાંતિ થાય છે.

શ્લોક-૬:- જે દેશમાં (વિસ્તારમાં) તત્વજ્ઞાન જાણનાર સતપુરૂષ રૂપી વૃક્ષ નથી, ત્યાં એક દિવસ પણ રહેવું નહી, વળી તે ઝાડનું ફળ બ્રહ્મજ્ઞાનનોઉપાય બતવે તેવું હોવું જોઈએ અને આનંદ આપે તેવી તેની શીતળ છાંયા જોઈએ.

શ્લોક-૮:-સાધુ (જ્ઞાની) પુરૂષોના સંગથી શૂન્ય વસ્તુમાં પણ પૂર્ણતા આવે છે, મૃત્યુમાંથી અમરપણુ પ્રાપ્ત થાય છે.દુઃખમાં સુખ મળે છે. જે બ્રહ્મમાં શૂન્યતા, મૃત્યુ અને દુઃખનો અભાવ હોય છે, તે બ્રહ્મની પ્રાપ્તી સત્સંગથી થાય છે.

શ્લોક-૧૨:- ફકત શાસ્ત્રો કે ગુરૂ પરમેશ્વર ને બતાવી શકે નહિ, માત્ર ભકત કે શિષ્યની સાત્વિક બુધ્ધિથી જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. આથી પરમાત્માના સ્વરૂપનું મનન કરવું જોઈએ.

શ્લોક-૧૩:- જીવની બીજી કળાઓ અભ્યાસ વગર નાશ પામે છે, પરંતુ જ્ઞાનની આ કળા એવી છે કેતે એક વખત ઉત્પન્ન થઈ એટલે વધવા માંડે છે.

આ ઉપરાંત શ્રીમદ્ ભગવદ ગીતામાં પણ ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યુ છે કે જયારે આત્મા શરીરમાંથી ગમન (મૃત્યુ પછી) કરે છે ત્યારે જેમ પવન પુષ્પમાંથી સુગંધ લઈને જાય છે તેમ મૃત શરીરના મન બુધ્ધિ અને અહંસાર પણ આત્મા સાથે સંચાર કરે છે ! આથી મૃત્યુ પહેલા જેટલી નીર્મળતા (આત્મજ્ઞાન પ્રાપ્તી) તેવી ગતિ (યોનીમાં)માં ગમન થાય છે.

શ્લોક:-૧૫ આ આત્મસ્વરૂપ ને નહિ જાણનાર ભાગ્યહિન માણસો (વિષયો (ભૌતિક)માં સુખ માને છે. પરંતુ પરિણામે ઝેરના ભોજન માફક દુઃખી થાય છે તેમાં કોઈ શંકા નથી.

શ્લોક-૧૯:- 'જે માણસ રાગ-દ્વેષ રહિત થઈ અંદરની શાંતિનો આનંદ લે તો એવી બુધ્ધિથી સાક્ષીની માફક આ સંસાર ને જુએ છે.તેનું જીવન જ શોભે છે. રાગ-દ્વેષના ત્યાગથી મુકિત છે (વિષય સુખની ઈચ્છાને રાગ કહે છે, દુઃખમાં અપ્રિતિ ને દ્વેષ કહે છે.

આમ આત્મજ્ઞાનએ મુકિતના રહસ્યનો ઉકેલ લાવતું જ્ઞાન છે. અને શાસ્ત્રોમાં આ જ્ઞાન ને જ જ્ઞાન કહ્યું છે અને તેથી જ ઉપનિષદમાં કહ્યું છે કે 'સાવિદ્યાયા વિમુકતયે (વિમુકતે)

**વિશ્વરસઃ 'સા વિધ્યા યા વિમુકતયે' 'ઉપનિષદ'**

# ઉપલેટા: બીઆરએસ મહાવિદ્યાલય ખાતે 'ટાઈપ-સારથી' અંતર્ગત 30 કલાકના નવતર પ્રયોગ અને સાહસિકતા કાર્યશાળા સંપન્ન

## વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા અને સર્જનાત્મક માનસિકતા કેળવવા ૯૦ તાલીમાર્થીઓને તજજ્ઞો દ્વારા અપાયું માર્ગદર્શન

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના ડુમિયાણી સંકુલ સ્થિત બીઆરએસ મહાવિદ્યાલય ખાતે 'ટાઈપ-સારથી' કાર્યક્રમ અંતર્ગત પ્રથમથી ચોથા તબક્કાને આવરી લેતી ૩૦ કલાકની વિશેષ કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. "સ્થાનિકથી વૈશ્વિક - નવતર પ્રયોગ, ઉદ્યોગ સાહસિકતા અને નવા વ્યવસાયની જરૂરિયાત" વિષય પર આધારિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા પ્રત્યે જાગૃતિ લાવવા અને નવા વ્યવસાયો શરૂ કરવા માટે જરૂરી કૌશલ્યો વિકસાવવાનો હતો.



તસવીરઃ શહેઝાદ બાદશાહ

આ કાર્યશાળામાં કુલ ૯૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે દરમિયાન વિવિધ ક્ષેત્રના નવ જેટલા નિષ્ણાંતો દ્વારા નવા વિચારોનું સર્જન, ઉત્પાદન આલેખન, બજાર સર્વેક્ષણની રણનીતિ, ધંધાકીય કાનૂની માળખું અને સરકારની લઘુ-મધ્યમ ઉદ્યોગો તથા આર્થિક સહાય યોજનાઓ વિશે ઊંડાણપૂર્વક માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત બૌદ્ધિક સંપદા અધિકાર જેવા આધુનિક વિષયો પર પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું.

આ તાલીમ ના ભાગરૂપે ગત તારીખ ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે આવેલા 'ડો. એપીજે અબ્દુલ કલામ વિજ્ઞાન પ્રયોગાલય' (નવતર વિચાર કેન્દ્ર) અને પ્રાદેશિક વિજ્ઞાન ભવનની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. જ્યાં વિદ્યાર્થીઓએ સફળ સંશોધકો સાથે રૂબરૂ સંવાદ કરી પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ટ્રસ્ટી ડો. ઉર્વશીબેન ખાનપરા, આચાર્ય ડો. એન. એચ. ઝાટકીયા અને સંકુલ નિયામક ડો. જી. એસ. ગોહિલના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમન્વયક પ્રાધ્યાપક અદિતિબેન પાઠક અને નિલેશભાઈ મારસોણીયા સહિતના શૈક્ષણિક સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડાના રંગપુરના રબારી સમાજના યુવાનનો શિક્ષણ જગતમાં ડંકો

## ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ બિહારમાં એમબીએમાં પ્રવેશ મેળવતા રબારી સમાજ દ્વારા સન્માન




**અબતક, રામસીંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકાના રંગપુર મુકામે રહેતા રબારી સમાજના તેજસ્વી યુવાન ચાવડા ૠષિક અરજનભાઈએ શિક્ષણ જગતમાં ડંકો વગાડતા પ્રતિષ્ઠિત આઈઆઈએમ (ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ) બોધ ગયા (બિહાર) ખાતે એમબીએમાં પ્રવેશ મેળવ્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિને વધાવવા માટે રંગપુર મુકામે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચોરવાડ મઢથી ખાસ ઉપસ્થિત રહેલા ભુવાઆતા જીવણઆતા, ભગત આતા તેમજ વીરુ આતાએ ૠષિકભાઈને આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમમાં રબારી સમાજના અગ્રણીઓ ભુપતભાઈ કોડીયાતર, નાજાભાઈ ચોપડા, રામભાઈ કરમટા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ તેમજ સમાજના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, રબારી સમાજનો યુવાન જ્યારે દેશની આવી સર્વોચ્ચ શૈક્ષણિક સંસ્થામાં સ્થાન મેળવે છે ત્યારે તે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બને છે.

# ઉપલેટા: અયાન અને અર્સે 30 રોજા રાખી ઈબાદત કરી



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા : નાના ભુલકાઓ અયાન અને અર્સે રમજાનના ૩૦ રોજા રાખી દેશમાં શાંતિ અ ને ભાઈચારો જળવાઈ રહે તેવી અલ્લાહને બંદગી કરી હતી. મુસ્લિમ ધર્મના પવિત્ર રમજાન માસની આસ્થાભેર ઉજવણી વચ્ચે ખ્વાજા નગરમાં રહેતા સમદભાઈ મન્સુરીના પુત્રો અયાન અને અર્સે આખા રમજાન મહિનાના ૩૦ રોજા રાખી ઈબાદત કરી હતી. બંને બાળકોને માતા-પિતા સહિત મન્સુરી પરિવારએ નેકી બદલ દુઆઓથી નવાજવામાં આવ્યા હતા.

# ઉપલેટા: માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્રમાં બળતણ ઉપર રસોઈ બનાવવાની મજબૂરી

## મોટી પાનેલી તથા અન્ય ગામોમાં નિરાધારોને ટિફિન સેવા પૂરી પાડતી સંસ્થા હાલ ધર્મસંકટમાં

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

હાલ ચાલી રહેલા યુદ્ધના માહોલમાં દરેક દેશો તેમજ ત્યાં ચાલતા ધંધા રોજગાર તેમજ જાન માલ ને નુકસાન થઈ રહ્યું છે. યુદ્ધ કોઈપણ દેશ કરે પરંતુ તેની અસર સમગ્ર માનવજાતને પડતી હોય છે ઉપલેટા શહેરમાં ૨૫ વર્ષથી પણ વધુ સમયથી અન્નક્ષેત્રના માધ્યમથી અનેક ભૂખ્યાજનોને ટિફિન સેવા પૂરી પાડતી સંસ્થા એટલે શ્રી માનવસેવા ટ્રસ્ટ ઉપલેટા કે જે એક પણ દિવસ રજા રાખ્યા વગર નિરાધાર લોકોને ટિફિન સેવા પૂરી પાડે છે તેમાં હાલની કપરી પરિસ્થિતિમાં આ સંસ્થા પાસે રસોઈ બનાવવા માટે ગેસના બાટલા ની અસર હોય અને આ અન્નક્ષેત્ર જો બંધ રાખવામાં આવે તો સૌથી વધુ ગરીબ દર્દીઓ, નિરાધાર વૃદ્ધો, રસ્તાપર રખડતા પાગલો તેમજ મોટી પાનેલી ગામમાં રહેતા નિરાધાર વૃદ્ધોને ભુખ્યા સૂવાનો વારો ન આવે તો આવી પરિસ્થિતિમાં આ અન્નક્ષેત્ર બંધ રાખવું પણ યોગ્ય ન હોય તો આ કપરા સમયમાં ઉપલેટામાં લાલજીભાઈ રાઠોડ દ્વારા તેમજ સંજયભાઈ માકડીયા, ડો.અર્જુન બાબરીયા દ્વારા ચાલતા આ રસોડામાં પરંપરાગત લાકડાના ચૂલા ઉભા કરી અને ભૂખ્યા જનોને ભોજન પ્રસાદ સેવા ચાલુ કરી દીધેલી છે. અને આ કપરા સમયમાં સંસ્થા દ્વારા એક પણ દિવસ રજા રાખ્યા વગર આ સેવા અવિરતપણે આ યજ્ઞ ચાલુ રાખેલ છે તો લોકોએ આ અન્નક્ષેત્રમાં યથાશકિત અનાજ, રોકડ કે બળતણ નું દાન આપવા જાહેર અપીલ કરવામાં આવે છે. દાન આપવા તથા વધુ માહિતી માટે લાલજીભાઈ રાઠોડ મોબાઈલ નંબર ૮૦૦૦ ૩૮૨ ૩૮૨ અથવા સી.ડી પટેલ ૯૪૨૮૨ ૭૯૦૦૯ નો સંપર્ક કરવો.



તસવીરઃ શહેઝાદ બાદશાહ

**શહીદ દિનની અનોખી ઉજવણી**

# સુરેન્દ્રનગરના વઢવાણમાં યુવાને હેરકટીંગ સલુનની એક દિવસની આવક શહીદ પરિવારને કરી અર્પણ

## રવીન જાદવને સેનામાં ફરજ બજાવવી હતી હવે અનોખી રીતે કરે છે દેશ સેવા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર દેશમાં શહીદ દિવસ નિમિત્તે શહિદોને યાદ કરી વિરાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારે શહીદ દિવસે ભારતના વીર સપૂતો ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને સ્વતંત્રતા સંગ્રામની લડાઈ માટે ફાંસી આપવામાં આવી હતી. ત્યારે આઝાદીના લડવૈયા એવા વીર શહીદોને ૨૩ માર્ચના રોજ ઠેર ઠેર વિરાંજલી આપવામાં આવી હતી. જેના ભાગરૂપે વઢવાણ ૮૦ ફૂટ રોડ પર હેર કટિંગ સલૂનની દુકાન ધરાવતા યુવક રવીનભાઈ જાદવે શહિદોને અનોખી રીતે વિરાંજલી અર્પણ કરી હતી. જેમા યુવક રવિનભાઈ જાદવ જે પોતે આર્મીમાં જવાની ઈચ્છા ધરાવતા હતા પરંતુ પરિસ્થિતિને આધીન તેઓ આર્મીમાં જોડાઈ શક્યા ન હતાં. આથી દેશની રક્ષા માટે ફરજ બજાવી શહીદી વહોરનાર વીર જવાનો અને તેમના પરિવારજનો માટે કાંઈક સારૂ કરવાની ઈચ્છા સાથે રવિનભાઈએ શહીદ દિવસની અનોખી ઉજવણી કરવાનો નિર્ધાર કર્યો હતો. જેમાં રવિનભાઈ અને તેમની ટીમના અંદાજે ૧૫ થી વધુ મિત્રો દ્વારા શહીદ દિવસની હેર કટિંગ અને શેવીંગ દ્વારા થતી તમામ આવક શહિદ પરિવારોને અર્પણ કરી હતી. છેલ્લા ૦૮ વર્ષ થી દર વર્ષે શહીદ દિવસના રોજ યુવક રવિનભાઈ દ્વારા એક દિવસની આવક શહિદ પરિવારોને અર્પણ કરવામાં આવી રહી છે અને અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા દોઢ થી બે લાખ જેટલી રકમ શહીદ પરિવારોને અર્પણ કરી ચૂક્યા છે. ત્યારે ચાલુ વર્ષે પણ શહીદ દિવસે સવાર થી સાંજ સુધીની તમામ આવક શહીદ પરિવારોને અર્પણ કરી અનોખી દેશભકિત દર્શાવી હતી. યુવાનો, આર્મી જવાનો, નિવૃત આર્મી જવાનો સહિત શહેરીજનોએ પણ યુવકની દેશ ભક્તિની ભાવનાને બિરદાવી હતી અને પોતે સ્વૈચ્છીક આજે શહિદ દિવસના રોજ હેર કટિંગ અને શેવિંગ કરાવી યથા શકિત મુજબ યોગદાન આપી શહીદ પરિવારોને મદદરૂપ થઈ વીરાંજલી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટીમના ૧૫ થી વધુ મિત્રો પણ પોતાનો હેર કટિંગનો વ્યવસાય બંધ રાખી શહીદ દિવસને દિવસે રવીનભાઈને મદદરૂપ થાય છે ત્યારે ચાલુ વર્ષે પણ આ કાર્યમાં સહભાગી થયા હતા.

# બાબરા: 'અબતક'ના પત્રકાર અપ્પુ જોશીની ગુજરાત પત્રકાર એકતા પરિષદના મહામંત્રી તરીકે વરણી

## વડોદરા ખાતે મહાઅધિવેશનમાં પત્રકારોના હિત માટે થયું મંથન

**અબતક, બાબરા**

વડોદરા ખાતે યોજાયેલ પત્રકાર એકતા પરિષદના અધિવેશનમાં બાબરાના 'અબતક' ના પત્રકાર અપ્પુ જોશીની ગુજરાત પત્રકાર એકતા પરિષદના મહામંત્રી તરીકે નિયુકિત કરવામાં આવી હતી.



પત્રકારોના હિતોની લડત તેજ, સંગઠન દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય

વડોદરા ખાતે પત્રકાર એકતા પરિષદનું ભવ્ય અધિવેશન યોજાયું હતું, જેમાં દીપ પ્રગટ્ય સંત માર્ગીય સ્મિત સ્વામી તેમજ મહેમાનોના વરદહસ્તે કરાયું હતું. તેમજ આ સંગઠનના સાથી જીતુભાઈ સુખડિયાના અવસાન માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રગીતના ગાન બાદ સ્વાગત પ્રવચન પ્રદીપસિંહ સરવૈયા એ કર્યું હતું. જેમાં રાજ્યભરના પત્રકારોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં સંગઠનની એકતા, સક્રિયતા અને પત્રકારોના હિત પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે જોવા મળી હતી. પ્રદેશ પ્રમુખ લાભુભાઈ કાત્રોડીયા એ પોતાના માર્ગદર્શન હેઠળ પત્રકારોના કલ્યાણ માટે મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આવનારા વર્ષ દરમિયાન રાજયના તમામ જિલ્લાઓના પત્રકારો માટે વ્યાપક વિમા યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ નિર્ણય પત્રકારોની સુરક્ષા અને વિશ્વાસ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# રાજમાર્ગો પર હવે દોડશે એસી ઈ-બસ: ૨૫ બસોનું આગમન




## પી.એમ. ઈ-બસ સેવા યોજના હેઠળ મહાપાલિકાની તૈયારીઓ પૂર્ણ: હાપા માર્કેટિંગ યાર્ડ પાસે અત્યાધુનિક ચાર્જિંગ સ્ટેશન અને ડેપો તૈયાર

જામનગર મહાનગર પાલિકા દ્વારા શહેરના નાગરિકો માટે પરિવહનની આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે 'પી.એમ. ઈ-બસ સેવા' યોજના અંતર્ગત બેટરી સંચાલિત વાતાનુકૂલિત (AC) બસો શરૂ કરવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ મહત્વકાંક્ષી યોજના હેઠળ શહેરમાં કુલ ૫૦ ઈ-બસો દોડાવવાનું આયોજન છે, જે પૈકી પ્રથમ ચરણની ૨૫ બસો જામનગર આવી પહોંચી છે.

કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી. એન. મોદી અને તેમની ટીમ દ્વારા તમામ જરૂરી વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોને સાંકળતા કુલ ૨૫ રૂટ નક્કી કરવામાં આવ્યા છે, જે અંગે રાજ્ય સરકારની કન્સલ્ટન્ટ એજન્સી દ્વારા અંતિમ ચકાસણી કરવામાં આવી રહી છે.

બસોના સંચાલન માટે હાપા માર્કેટિંગ યાર્ડ પાસે આવેલા મહાનગરપાલિકાના ટ્રાન્સપોર્ટ ટર્મિનલ પ્લોટમાં ઈ-બસ ડેપો, વર્કશોપ અને ચાર્જિંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આશરે ૧૧ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ પ્રોજેક્ટમાં એડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગ, હાઈ માસ્ટ ટાવર, સિક્યુરિટી કેબિન અને પાવર કનેક્શન સહિતની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

હાલમાં આ બસોના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ગતિમાં છે અને પાવર કનેક્શનનું ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક સંપન્ન થયું છે. આગામી ટૂંક સમયમાં જ આ પર્યાવરણપ્રેમી બસ સેવા શરૂ થતા જામનગરના નાગરિકોને પ્રદૂષણ મુક્ત અને આરામદાયક મુસાફરીનો લાભ મળશે.



# ખંભાળીયા: એક શામ શહીદો કે નામ સિનેમેટીક નાટકમાં રાષ્ટ્રભાવનાએ રંગાયા



**અબતક, વિનાયક ભટ્ટ ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડામથક ખંભાળીયાના ટાઉનહોલ ખાતે સ્વ.હરદાસભાઈ હેભાભાઈ બેરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'એક શામ શહીદો કે નામ' સિનેમેટિક નાટક ભજવાયું હતું. જાણીતા ડીરેકટર માલદે આહિર દ્વારા પૂર્વ રાજયમંત્રી અને સ્થાનીય ધારાસભ્ય મુળુભાઈ બેરાના જન્મદિન નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિ સાથે સાંસ્કૃતિક ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે સ્થાનીય સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા કલેકટર રાજેશ તન્ના તેમજ અગ્રણીઓ મયુરભાઈ ગઢવી, પુનીતભાઈ શર્મા, સંજયભાઈ નકુમ, એભાભાઈ કરમુર, ભરતભાઈ ચાવડા, શૈલેશભાઈ કણઝારીયા વિગેરે જોડાયા હતા. આ પ્રસંગે બહોળી સંખ્યામાં સ્થાનીકો ટાઉનહોલ ખાતે એકત્ર થયા હતા.

'મેરા યુવા ભારત' અંતર્ગત

# શહીદ દિન નિમિતે પદયાત્રા દેશભક્તિના નારા સાથે યુવાનોમાં જાગી રાષ્ટ્રભાવના

## એનસીસી કેડેટ્સ અને વિવિધ મહાવિદ્યાલયોના યુવાનો ઉત્સાહભેર જોડાયા

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત 'મેરા યુવા ભારત', જામનગર દ્વારા ૨૩ માર્ચ, ૨૦૨૬ના રોજ શહીદ દિન નિમિત્તે એક વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહીદોના સર્વોચ્ચ બલિદાનને યાદ કરવા અને યુવા પેઢીમાં દેશપ્રેમની ભાવના જાગૃત કરવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.




આ પદયાત્રા સરકારી ટેકનિકલ મહાવિદ્યાલય (પોલીટેકનિક કોલેજ) થી શરૂ થઈને બેડેશ્વર રોડ પર આવેલા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સુધી યોજાઈ હતી. જેમાં જામનગર જિલ્લાના વિવિધ સ્વયંસેવકો, નૌસેના અને ભૂમિદળના એનસીસી કેડેટ્સ તેમજ શહેરની વિવિધ મહાવિદ્યાલયોના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.સમગ્ર માર્ગ પર દેશભકિતના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને યુવાનોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, જવાબદારી અને દેશના અમર શહીદો પ્રત્યે આદરની ભાવના વિકસાવવાનો હતો.આ આયોજન જામનગર જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતારના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. 'મેરા યુવા ભારત', જામનગર દ્વારા આ પદયાત્રામાં સહભાગી થનાર તમામ યુવાનો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# દિગ્જામ માર્ગ ઓવરબ્રિજ નીચે ચાલુ ટ્રકમાં ભીષણ આગ, ચાલકનો આબાદ બચાવ

## ટ્રકની કેબિનમાં શોર્ટ સર્કિટથી લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું: ફાયર બ્રિગેડે સમયસર પહોંચી આગ પર મેળવ્યો કાબૂ

જામનગરના દિગ્જામ માર્ગ પર આવેલા ઓવરબ્રિજ નીચે આજે બપોરે એક ચાલતી ટ્રકની કેબિનમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. બપોરે અંદાજે ૧૨.૪૫ વાગ્યાના સુમારે બનેલી આ ઘટનામાં ટ્રકની કેબિનમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગની જ્વાળાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.



આગ લાગતા જ સતર્ક બનેલા ટ્રક ચાલકે સમયસૂચકતા વાપરી કેબિનમાંથી કૂદકો મારી દીધો હતો, જેના કારણે તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતા જ જામનગર ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

પ્રાથમિક તપાસમાં ટ્રકની કેબિનમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થવાના કારણે આ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને પગલે મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ આગને કારણે ટ્રકની કેબિનના ભાગે ભારે નુકસાન થયું છે.

# ચેલા ચંગા પાસે પ્લાસ્ટિકના દાણા ભરેલા ટ્રકની ગુલાંટ

## ટ્રક ચાલકને ઈજા: વાહન વ્યવહાર અવરોધાયો



**અબતક, જામનગર**

જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં એક ખાનગી કંપનીના એરિયામાંથી જી.જે.-૯ એ.વી. ૯૯૫૭ નંબરના મોટા હેવી ટ્રકમાં પીપીદાણા નો મોટો જથ્થો ભરીને જિલ્લા બહાર લઈ જવામાં આવી રહ્યો હતો, જે દરમિયાન ચેલા-ચંગા ગામ પાસે એકાએક ટ્રક પલટી મારી ગયો હતો.રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યાના અરસામાં આ દુર્ઘટના સર્જાઇ હતી, અને આગળ જઈ રહેલી એક કારનાચાલકે એકાએક ગોલાઈ લેતાં ટ્રક ચાલકે પોતાના ટ્રકને બ્રેક મારીને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ ફૂલ લોડેડ હોવાના કારણે રોકાયો ન હતો, અને માર્ગ પર પલટી મારી ગયો હતો.જેથી તેમાં રહેલો પ્લાસ્ટિકના દાણાનો જથ્થો રોડ ઉપર ઢોળાયો હતો, જ્યારે ટ્રક ના ચાલકને સામાન્ય ઈજા થઈ હોવાથી તેને જામનગરની જી.જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લેવી પડી હતી.

આ ટ્રક આડે પડખે થયો હોવાથી ચેલા ચંગા રોડ પરનો વાહન વ્યવહાર અવરોધાયો હતો. જેથી પોલીસ તંત્રએ દોડી જઈ કવાયત કરવી પડી હતી. આ મામલે પોલીસ ફરિયાદ નોંધવા કાર્યવાહી ચાલી રહી છે.

# હાલારમાં પીજીવીસીએલના બાકી વીજબિલ વસૂલવા ૩૯૦ ટીમો મેદાનમાં ઉતરી

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૯ હજારથી વધુ ગ્રાહકોના ૧૫ કરોડથી વધુના લેણાં બાકી: નાણાં નહીં ભરાય તો વીજ જોડાણો કપાશે

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાકી વીજબિલની વસૂલાત માટે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. ચાલુ પખવાડિયામાં સતત ત્રીજી વખત આજે તા. ૨૪ માર્ચના રોજ 'મેગા વીજ જોડાણ રદ કરવાની ઝુંબેશ' હાથ ધરવામાં આવી છે, જેના માટે બંને જિલ્લામાં ૩૯૦ જેટલી ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે.

જામનગર વર્તુળ કચેરી હેઠળ આવતા બંને જિલ્લાના અંદાજે ૫૮,૯૧૫ ગ્રાહકો પાસે માર્ચ-૨૦૨૬ સુધીના કુલ ૨૮.૫૭ કરોડ રૂપિયા વસૂલવાના બાકી નીકળે છે. આ માતબર રકમ મેળવવા માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરાઈ છે. અત્યાર સુધીમાં ૨૮,૨૩૧ ગ્રાહકોએ ૧૧.૦૨ કરોડ રૂપિયાની ચુકવણી કરી દીધી છે, જ્યારે બિલ ન ભરનારા ૧૨૭૨ ગ્રાહકોના વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા છે. હજુ પણ ૨૯,૪૧૨ ગ્રાહકો પાસે ૧૫.૭૧ કરોડ રૂપિયા લેવાના બાકી હોવાથી આજે મોટા પાયે ઝુંબેશ ચલાવવામાં આવશે.

વીજ તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો બાકી રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો નિયમ મુજબ વીજ જોડાણ રદ કરી દેવામાં આવશે. ગ્રાહકોને હાલાકી અને વધારાના દંડથી બચવા માટે સમયસર બિલ ભરવા અનુરોધ કરાયો છે.

ગ્રાહકોની સુવિધા માટે તંત્રએ રોકડ સિવાયના વિવિધ માધ્યમો જેવા કે કંપનીની વેબસાઈટ, યુપીઆઈ ), ડેબિટ-ક્રેડિટ કાર્ડ, નેટ બેન્કિંગ અને એટીએમ મશીન દ્વારા ઓનલાઈન નાણાં ભરવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી છે. જે ગ્રાહકો બિલ નહીં ભરે તેમના મીટર, સર્વિસ વાયર કે જરૂર જણાયે ટ્રાન્સફોર્મર પણ ઉતારી લેવાની સૂચના આપવામાં આવી છે.

# બે પૂર્વ કોર્પોરેટરો વચ્ચે વૈમનષ્યમાં વધુ એકવાર ખેલાયો લોહીયાળ જંગ

## જેલ હવાલે રહેલા અલ્તાફ ખફીના કહેવાથી આમ આદમી પાર્ટીના કોર્પોરેટરના ભત્રીજા સહિત ત્રણ યુવાનો ઉપર હીચકારો હુમલો કર્યો

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગરના વોર્ડ નંબર ૧૨ ના પૂર્વ કોર્પોરેટર આમ આદમી પાર્ટીના નેતા અસલમ કરીમ ખીલજી અને પૂર્વ કોંગી કોર્પોરેટર અલ્તાફ ગફારભાઈ ખફી વચ્ચેનું વૈમનશ્ય ફરી આગળ વધ્યું છે, અને લોહિયાળ જંગ ખેલાયો છે. જેમાં ફાયરિંગની ઘટના પણ બની છે. જેમાં ભત્રીજા સહિત ત્રણ યુવાનો પર થાર સહિતની બે ગાડીમાં ૮ જેટલા શખ્સો એ પીછો કરી વાહન રોકી લોખંડના પાઈપ અને ધોકાવાડે હુમલો કરી હાથ પગ ભાંગી નાખ્યા હતા. જે ત્રણેય યુવાનો હાલ સારવાર હેઠળ છે. પોલીસે પૂર્વ કોર્પોરેટર ની ફરિયાદના આધારે કુલ ૯ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### થાર સહિત બે વાહનોમાં આવેલા શખ્સોએ ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યા: ધોકા- પાઈપ વડે હાથ પગ ભાંગી નાખ્યા

જામનગર મહાનગરપાલિકાના પૂર્વ વીપક્ષી નેતા અને આમ આદમી પાર્ટીના હોદ્દેદાર અસ્લમભાઈ કરીમભાઈ ખીલજી એ સિક્કા પોલીસ મથકમાં ફરિયાદ કરી છે.જે ફરિયાદમાં જણાવ્યું છે કે પૂર્વ કોંગી કોર્પોરેટર અલતાફ ગફારભાઈ ખફી ના કહેવાથી તેઓના મળતીયાઓ અનવર ગફારભાઈ ખફી, મુખ્તાર ઉર્ફે ટોપી અબ્બાસભાઈ કુરેશી, લાલવાડીના વતની મહેબુબ ખફી, મોહસીન પચાસિયો, હનીફ મુસાભાઈ, હુસેન વધુ ખફી, અને હનીફ જાન મહંમદ ઉર્ફે રાંઝો વગેરે સામે ફરિયાદ કરી જણાવ્યું છે, કે પોતાના ભત્રીજા નવાજ તેમજ તેની સાથેના રવુભાઈ અને અસલમભાઈ જેવોને લોખંડના પાઈપ અને ધોકા વડે માર માર્યો હોવાથી હાથ પગ ભાંગી નાખ્યા છે, જે તમામ હુમલા ખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.



સિક્કા પોલીસે આ મામલામાં ગુનો નોધ્યો છે. અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હાલની ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર

### કોંગીના પૂર્વ કોર્પોરેટર સહિત નવ સામે હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો: આરોપીઓની શોધખોળ

ફરીયાદી અસલમ ખભી, કે જેઓ ઉપર ૧૯મી ડિસેમ્બરના રોજ હુમલો કરાયો હતો, અને અલ્તાફ ખફી ના મળતીયાઓએ હુમલો કર્યો હતો. જે બનાવના ઈજાગ્રસ્ત પોતાના ભત્રીજા શાહ નવાજ ખફી, કે જે ફરિયાદી બન્યા હતા. જેથી તેનો વહેમ વૈમનષ્ય રાખીને પૂર્વ કોર્પોરેટર અલ્તાફ ખફી કે જે હાલ જેલવાસ ભોગવી રહ્યા છે, જેના કહેવાથી અન્ય આઠ આરોપીઓ થારજીપ અને અન્ય કારમાં આવ્યા હતા, અને જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર યુવાનોનો પીછો કર્યો હતો જેમાં સૌપ્રથમ વાહન રોકવા માટે ગોળીબાર ત્રણ રાઉન્ડ છોડ્યા હતા. ત્યારબાદ ચોકલેટ ના કારખાના પાસે વાહન રોકાવીને આરોપીઓ ધોકા પાઈપ જેવા હથિયારો સાથે ઉતરી પડ્યા હતા, અને ત્રણેય યૂવાના ઉપર હીંચકારો હુમલો કરી દેતા તેઓને સૌપ્રથમ જામનગરની સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જયાં તેઓના હાથ પગમાં ગંભીર ઈચ્છા થઈ હોવાથી શસ્ત્રક્રિયા વગેરે ચાલી રહી છે. આ ઘટનાની જાણ થવાથી સિક્કા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગઈકાલે રાત્રે સૌપ્રથમ બનાવના સ્થળે દોડી ગયો હતો, ત્યારે આ મામલાની ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપીઓને શોધવા માટેની તેમજ હથિયાર વગેરે કબજે કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સિક્કા પોલીસ સ્ટેશનના પીઆઈ પી. ટી. જસ જયસ્વાલ અને તેઓની સમગ્ર ટીમ તપાસ ચલાવે છે.

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા ભાજપ સરકારનો મોટો માસ્ટર ટ્રોક

# વિધાનસભામાં યુસીસી વિધેયક રજૂ કરતા ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવી



### ૨૦૯ પાનાના યુસીસી બિલમાં ચાર પ્રકરણોનો સમાવેશઃ ૬ કલાક સુધી ચર્ચા બાદ બીલ પર મતદાન હાથ ધરાશેઃ યુસીસી લાગુ કરનારૂ ગુજરાત બનશે દેશનું બીજુ રાજય

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભામાં આજે બપોરે ૧૨ કલાકે નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ યુસીસી બિલ રજૂ કર્યું હતુ. ગુજરાત યુસીસીની અમલવરી કરનારૂ દેશનું બીજુ રાજય બનશે. ૨૦૯ પાનાના આ બિલમાં કુલ ચાર પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેના ત્રીજા પ્રકરણમાં લીવ ઈન રીલેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યુસીસી પર ગૃહમાં છ કલાક સુધી ચર્ચા કરવામાં આવશે સાંજે ૬ કલાકે બિલની મંજુરી માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. હાલ ભાજપ પાસે ૧૬૨ ધારાસભ્યોની તોતીંગ બહુમતી હોય બિલ આસાનીથી ગૃહમાં પાસ થઈ જશે. સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણી પહેલા ભાજપનો આ મોટો માસ્ટર સ્ટ્રોક મનાય રહ્યો છે.


ગુજરાત વિધાનસભામાં આજે બપોરે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ યુસીસી બિલ રજૂ કર્યું હતું.જેના પર શાસક અને વિપક્ષના ધારાસભ્યોએ ૬ કલાક સુધી ચર્ચા કરી હતી.ગુજરાત વિધાનસભાની આજની બેઠક ઐતિહાસિક બની રહી હતી. કારણ કે તેમાં રાજ્યના સામાજિક માળખાને સ્પર્શતું ગુજરાત સમાન નાગરિક સંહિતા (યુસીસી) બિલ રજૂ કરવામાં આવ્યું છે.આ પ્રસ્તાવિત કાયદા હેઠળ રાજ્યમાં દરેક લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત બનશે. જોકે, સામાન્ય જનતાને હાલાકી ન પડે તે માટે જોગવાઈ છે કે નોંધણી ન હોવા છતાં લગ્ન અમાન્ય નહીં ગણાય, પરંતુ નિયત સમયમાં પ્રક્રિયા પૂર્ણ ન કરનારને રૂ ૧૦૦૦૦ થી રૂ. ૨૫૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. આ બિલનો મુખ્ય હેતુ વ્યક્તિગત કાયદાઓમાં પારદર્શિતા લાવવાનો અને તમામ નાગરિકોને સમાન કાયદાકીય રક્ષણ આપવાનો છે.

યુસીસીના ડ્રાફ્ટમાં મિલકતના વારસા હક અંગે પણ ખૂબ જ મહત્વપૂર્ણ સુધારા સૂચવવામાં આવ્યા છે. જો કોઈ વ્યક્તિ વસિયતનામું કર્યા વગર (બિન-વસીયતી) મૃત્યુ પામે, તો તેની મિલકતમાં માતા-પિતા, પતિ/પત્ની અને સંતાનોતમામનો સમાન હિસ્સો રહેશે. આ જોગવાઈ ખાસ કરીને સ્ત્રીઓના આર્થિક સશક્તિકરણ અને પરિવારના દરેક સભ્યને ન્યાયી હક આપવાની દિશામાં મોટું પગલું માનવામાં આવે છે. અગાઉના જટિલ વ્યક્તિગત કાયદાઓની સરખામણીએ આ વ્યવસ્થા અત્યંત સરળ અને વિવાદમુક્ત રહેવાની અપેક્ષા છે.

વિધાનસભાની કાર્યવાહીની શરૂઆત પ્રશ્નોત્તરી કાળથી થશે, જેમાં મહેસૂલ, માર્ગ-મકાન, નર્મદા અને આપત્તિ વ્યવસ્થાપન જેવા પાયાના વિભાગોના પ્રશ્નો પર મંત્રીઓ દ્વારા સીધા જવાબો આપવામાં આવશે. આ ઉપરાંત, રાજ્યની તિજોરી પરના ખર્ચ અને નાણાકીય આયોજન માટે ગુજરાત વિનિયોગ વિધેયક રજૂ થશે. આ તબક્કે સરકાર દ્વારા વધારાના ખર્ચની મંજૂરી મેળવવાની સાથે સાથે નાણાકીય વ્યવસ્થાપનમાં વધુ કાર્યક્ષમતા લાવવાના પ્રયાસો હાથ ધરાશે, જે રાજ્યના લાંબા ગાળાના આર્થિક હિત માટે જરૂરી છે. (અનુ. આઠમા પાને)

# ગુજરાત સરકારની આર્થિક શિસ્તતાઃ ૨૨ વર્ષથી નથી લીધો ઓવર ડ્રાફ્ટ

### સમયસર જીએસટી રિટર્ન ભરવામાં ગુજરાત સતત પાંચ વર્ષથી દેશમાં પ્રથમઃ નાણામંત્રી કનુભાઈ દેસાઈ



**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ખાતે નાણા વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં સહભાગી થતા નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે

અબતક, રાજકોટ

મંત્રીશ્રીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજવિત્તીય અધિનિયમના માપદંડો મુજબ, ગુજરાતે વર્ષ ૨૦૨૪-૨૫માં મહેસૂલી ખાધના 'શૂન્ય'ના લક્ષ્યાંકની સામે રૂ.૧૮,૯૪૩ કરોડની મહેસૂલી પુરાંત સિદ્ધ કરી છે અને વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજમાં રૂ.૨૫,૫૮૭ કરોડની મહેસૂલી પુરાંત જાળવી રાખવાનો અંદાજ છે.

રાજ્યનું દેવું રાજ્યના વિકાસકાર્યો માટેનું એક સંશાધન છે અને ગુજરાતે દેવાની ચૂકવણીમાં ક્યારેય ચૂક કરી નથી. રાજ્યનું કુલ દેવું રાજ્યના જીએસડીપીના ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું રહે છે, જેની સામે રાજ્યનું કુલ દેવું વર્ષ ૨૦૨૪-૨૫માં જીએસડીપીના ૧૩.૮૭ ટકા જ રહ્યું છે. જે વર્ષ ૨૦૨૬-૨૭માં જીએસડીપીના ૧૪.૬૫ ટકા રહેવાનો અંદાજ છે. રાજ્યના અસરકારક નાણાકીય સંચાલનના પરિણામે દેવાનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે.

૧૫મા નાણાપંચની મુદત પૂર્ણ થયા બાદ એપ્રિલ-૨૦૨૬થી ૧૬મા નાણાપંચની ભલામણોનો અમલ શરુ થશે. ૧૫મા નાણાપંચની સાપેક્ષમાં ૧૬મા નાણાપંચ અંતર્ગત કેન્દ્રીય વેરામાં ગુજરાતનો હિસ્સો ૩.૪૭૮ ટકાથી વધીને ૩.૭૫૫ ટકા નિર્ધારિત થયો છે. જે પ્રમાણે ગુજરાતને વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૫૭,૩૧૧ કરોડ ગ્રાન્ટ મળવાનો અંદાજ છે.

નાણાપંચ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય સ્વરાજ્યની સંસ્થા તથા અન્ય વિભાગોને ફાળવવામાં આવતી કુલ ગ્રાન્ટોમાં ગુજરાતને વર્ષ ૨૦૨૬-૨૭ માટે આશરે ૧૧.૬૬ ટકાના વધારા સાથે રૂ.૬,૯૯૯ કરોડ ગ્રાન્ટ મળવાનો અંદાજ છે.

રાજ્ય સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાપનને કારણે છેલ્લા ૨૨ નાણાકીય વર્ષથી ગુજરાતે એકપણ ઓવરડ્રાફ્ટ લીધો નથી અને છેલ્લા ૨૧ નાણાકીય વર્ષથી એકપણ સાધનોપાય પેશગી પણ લીધી નથી, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતુ કે, જૂન, ૨૦૧૭માં જીએસટીની અમલવારી થઈ તે સમયે રાજ્યમાં (અનુ. આઠમા પાને)

# કાલે મુખ્યમંત્રીનો 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ

### સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી નાગરિકો રૂબરૂ ગાંધીનગર પ્રશ્નો રજૂ કરી શકશે

**અબતક, રાજકોટ**


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો માર્ચ મહિનાનો રાજ્ય સ્વાગત તા.૨૫મી માર્ચ, બુધવારે યોજાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત માર્ચ-૨૦૨૬નો રાજ્ય સ્વાગત બુધવાર યોજવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

માર્ચ મહિનાના ચોથા ગુરુવારે રામનવમીની જાહેર રજાને અનુલક્ષીને માર્ચ-૨૦૨૬નો રાજ્ય સ્વાગત આ વખતે બુધવાર, તા. ૨૫ માર્ચે યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો કાલે બુધવાર સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી બુધવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.



# આવક- જ્ઞાતિનાં દાખલા, રાશનકાર્ડમાં નામ ઉમેરવા-રદ જેવી ૨૦ સેવાઓ હવે આંગળીના ટેરવે

### સૌથી વધારે અરજીઓ આવતી હોય તેવી ૨૦ સેવાઓની ઓનલાઇન પ્રક્રિયાનું સરળીકરણ કરતી સુગમ ડિજિટલ ગુજરાત પહેલ

**અબતક, રાજકોટ**

ગુજરાત વહીવટી સુધારા પંચના પાંચમા અહેવાલની ભલામણોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા સૌથી વધુ અરજીઓ ધરાવતી વિવિધ વિભાગની ૨૦ જેટલી સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે. જીએઆરસીના અહેવાલ મુજબ, ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ ઉપલબ્ધ સેવાઓમાંની આશરે ૪% સેવાઓ માટે સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ડિલિવરી પહેલેથી જ સક્રિય કરવામાં આવી છે. હાલ મોટી સંખ્યામાં સેવાઓ જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે સફળતાપૂર્વક પ્રદાન કરવામાં આવી રહી છે, જે રાજ્યની મજબૂત સેવા વ્યવસ્થા અને વ્યાપક ઉપલબ્ધતાને દર્શાવે છે તેમજ ડિજિટલ ઍક્સેસને વધુ વિસ્તૃત કરવાની વિશાળ તકો પણ પ્રદાન કરે છે.ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ દર વર્ષે અંદાજે ૧.૨૦ કરોડ અરજીઓ પ્રાપ્ત થાય છે, જેમાંથી આશરે ૮૭ લાખ અરજીઓ આ ૨૦ ઉચ્ચ-ટ્રાન્ઝેક્શન સેવાઓ હેઠળ પ્રાપ્ત થાય છે, જે આ સેવાઓના નાગરિક જીવનમાં રહેલા મહત્વને દર્શાવે છે.

આ જ દિશામાં આગળ વધતાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ વહીવટને પ્રોત્સાહન આપી સરકારી સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવાનો છે, જેથી નાગરિકોને સેવાઓ સરળતાથી અને આંગળીનાં ટેરવે ઉપલબ્ધ બની શકે.

આ અભિયાનનાં પ્રથમ તબક્કે સૌથી વધુ અરજીઓ ધરાવતી ૨૦ સેવાઓને આવરી લેવામાં આવી છે. જે ૨૦ સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે તેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, કાયદા વિભાગ અને આદિજાતી વિકાસ વિભાગનો સમાવેશ થાય છે. આ સેવાઓ નાગરિકો રાજ્ય સરકારનાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી મેળવી શકશે. આ સેવાઓમાં સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગની ૧૧ સેવાઓ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની છ સેવાઓ, મહેસૂલ વિભાગની એક સેવા, કાયદા વિભાગની એક સેવા અને આદિજાતિ વિકાસ વિભાગની એક સેવાને આવરી લેવામાં આવી છે. ડિજિટલ ગુજરાત અંતર્ગત આ પાંચ વિભાગોની ૨૦ નાગરીકલક્ષી સેવાઓની સૌથી વધુ અરજીઓ આવે છે. આ સેવાઓને ઓનલાઈન કરવાથી નાગરિકોના ડેટાની એકવાર એન્ટ્રી કર્યા બાદ તેને વિવિધ સેવાઓનાં પુનઃ ઉપયોગ કરી શકાશે. આ ઉપરાંત , બિનજરૂરી દસ્તાવેજોની માંગણી નાબૂદ કરી અરજી ફોર્મને અત્યંત સરળ બનાવવામાં આવ્યા છે. વધુમાં દસ્તાવેજોનું ડિજિટલ વેરિફિકેશન કરવામાં આવશે. આધારકાર્ડ આધારિત ઓળખ, એપીઆઈ દ્વારા ઓનલાઈન રેકોર્ડ ચકાસણી અને DigiLocker ઈન્ટિગ્રેશન કરવામાં આવશે.

ગવર્મેન્ટ પ્રોસેસ રી-એન્જિનિયરિંગ ના કારણે વહીવટી સ્તરે મંજૂરીના તબક્કાઓ ઘટશે, જેથી અરજીના નિકાલના સમયમાં ઘટાડો થશે.

સેવાઓ 'ફેસલેસ' બનતા ઓનલાઈન પોર્ટલ દ્વારા નાગરિકોને પારદર્શક સેવા મળશે. નાગરિકોને કચેરીએ જવાની જરૂર રહેશે નહીં, જેનાથી પરિવહન ખર્ચ અને સમયની બચત થશે.

એપીઆઈ અને એપ્લીકેશન ડેટા ઈન્ટિગ્રેશનના કારણે સરકારી ડેટાની વિશ્વસનીયતા વધશે અને પ્રમાણપત્રોમાં થતી ભૂલો નહિવત થશે.

**આ વિભાગોની સેવાઓ હવે ઓનલાઇન**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પ્રમાણપત્ર (ગ્રામીણ/શહેરી), નોન-ક્રીમી લેયર સર્ટિફિકેટ, એસસી પ્રમાણપત્ર, ઇડબલ્યુએસ પ્રમાણપત્ર અને આવકના દાખલા.
- અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ : રેશનકાર્ડમાં નામ ઉમેરવું, નામ કમી કરવું, સુધારો કરવો, અલગ રેશનકાર્ડ, નવું રેશનકાર્ડ અને ડુપ્લીકેટ રેશનકાર્ડ.
- મહેસૂલ વિભાગઃ નકલ મેળવવાની વિનંતી
- કાયદા વિભાગ :અન્ય તૈયાર સોગંદનામું
- આદિજાતી વિકાસ વિભાગઃ અનુસૂચિત જનજાતિ જાતિનું પ્રમાણપત્ર.

# મધ્યાહન ભોજનમાં બાળકોને અપાતી સુખડી બંધ કરવાનો નિર્ણય

### નાસ્તા માટેના મેનુમાં પણ ફેરફાર, નાસ્તામાં ૩ દિવસને બદલે એક દિવસ અન્ય મિલેટ સુખડી અપાશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ૩૨૨૩૦ શાળાઓમાં અભ્યાસ કરતા ૩૮.૫૦ લાખ વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજના યોજનામાં આપવામાં આવતી સુખડી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફીટ ઈન્ડિયાના નામે તેલની માત્રા ઓછી કરવાનું કારણ આપી બે જ વર્ષમાં સુખડી આપવાની યોજનાને વિરામ આપી દેવામાં આવ્યો છે. મધ્યાહન ભોજન સાથે શરૂ કરેલા અલ્પાહારના મેનુમાં પણ ફેરફાર કરાયો છે. અત્યાર સુધી નાસ્તામાં ચણા ચાટ અને શ્રી અન્ન મિલેટ સુખડી અપાતી હતી. જેના બદલે હવે મગચાટ, વેજીટેબલ પૌવા, મીક્ષ કઠોળ ચાટ, શ્રી અન્ન મિલેટ સુખડી અને વેજીટેબલ ઉપમા આપવામાં આવશે.પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ સરકારી શાળાના વિદ્યાર્થીઓને ભોજન અપાય છે. ૨૦૨૪માં ગુજરાત સરકારે ભોજન ઉપરાંત સપ્તાહમાં એક દિવસ વિદ્યાર્થીઓને સુખડી આપવા અંગે સત્તાવાર ઠરાવ પ્રસિદ્ધ કર્યો હતો.

ત્યાર પછી નવેમ્બર-૨૦૨૪માં બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવાની મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ કરવામાં આવી હતી. જોકે આ યોજનામાં ચણા ચાટ અને શ્રી અન્ન મિલેટ સુખડી આપવાનો નિર્ણય કરાયો હતો. આ પ્રમાણે છેલ્લા બે વર્ષથી બાળકોને ભોજન અને નાસ્તો આપવામાં આવતો હતો.જોકે, ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત વિદ્યાર્થીઓમાં તેલનું પ્રમાણ ઓછું થાય તે માટે કમિટી દ્વારા મધ્યાહન ભોજનમાં અપાતી સુખડી બંધ કરવાની ભલામણ કરી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને અપાતા નાસ્તાના મેનુંમાં પણ ફેરફાર કરવાનું નક્કી કર્યું હતું.

# પહેલે 'આપ': આમ આદમી પાર્ટીએ જાહેર કર્યા ૪૬૦ ઉમેદવારો

### મહાપાલિકાઓ માટે ૧૫૫, નગરપાલિકાના ૫૦, તાલુકા પંચાયત માટે ૧૪૨ અને જિલ્લા પંચાયત માટે ૧૦૮ ઉમેદવારો જાહેર કરી દીધા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી દિવસોમાં યોજાનારી સ્થાનીક સ્વરાજયની ચુંટણી માટે આમ આદમી પાર્ટી દ્વારા આજે ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં અલગ અલગ મહાપાલિકા માટે ૧૫૫ ઉમેદવારો, નગરપાલિકાના ૫૦ ઉમેદવારો, તાલુકા પંચાયત માટે ૧૪૨ ઉમેદવારો અને જિલ્લા પંચાયત માટે ૧૦૮ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં વધુ એક યાદી જાહેર કરવામાં આવશે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે, સામાન્ય લોકો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે અને આજે એક નવી રાજનીતિની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે, અમે સ્વપન જોયું હતું કે બહુ થયું બાપ-બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે અને એ અમારું સૌભાગ્ય છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. પ્રથમ લિસ્ટમાં ૪૬૦થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે, જેને લઈને મને ખૂબ આનંદ થાય છે. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને ક્યારેય તક મળતી નહોતી. અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી. હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે. આમ લોકો માટે, આમ જનતા માટે, આમ આદમી માટે ગુજરાતમાં એક નવો સૂર્યોદય થયો છે. ૪૬૦થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે. હું તમામ ૪૬૦થી વધુ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ નવી રાજનીતિને ગુજરાતની જનતા જાતિ-ધર્મથી ઉપર ઉઠીને સ્વીકારશે એવી હું આશા રાખું છું.





# નરેન્દ્ર મોદીનો કન્ટ્રોલ ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાંઃ રાહુલ ગાંધીનો ટોણો

### ભાજપ સરકાર વિકાસના નામે આદિવાસી સમાજની જમીન ઝૂંટવે છેઃ લોકસભાના વિપક્ષી નેતા બન્યાં આક્રમક

**અબતક, રાજકોટ**

ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આડા હાથ લીધા હતા. તેઓઓ પ્રહાર કરતા જણાવ્યું હતું કે, મોદીનો કન્ટ્રોલ ટ્રમ્પના હાથમાં છે. સમગ્ર દેશના ડેટા અને કૃષિ ક્ષેત્ર અમેરિકાને સોંપી દીધું છે.



અબતક, રાજકોટ લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધી વડોદરાના પ્રવાસે આવ્યા હતા.

ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક , ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ દ્વારા તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડોદરા શહેરના આજવા ચોકડી નજીક આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઑડિટોરિયમમાં રાહુલ ગાંધીજીની ઉપસ્થિતિમાં આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન યોજાયું હતું.

રાહુલ ગાંધીએ સંમેલનમાં આદિવાસી સમાજ સાથે સંવાદ કરતા પોતાના સંબોધનની શરૂઆત "આદિવાસી શબ્દથી કરી. તેમણે જણાવ્યું કે આ શબ્દનો અર્થ ખૂબ જ ઊંડો છે, આદિવાસી એટલે આ દેશના મૂળ નિવાસીઓ અને મૂળ માલિકો છે, હજારો વર્ષ પહેલાં દેશની મોટાભાગની જમીન આદિવાસીઓની માલિકીની હતી, જે ઐતિહાસિક સત્ય છે.તેમણે જણાવ્યું કે આદિવાસી સમાજનો ઈતિહાસ તેમના જળ, જંગલ અને જમીન ગુમાવવાનો ઈતિહાસ રહ્યો છે. સમય જતાં તેમની પાસેથી સંસાધનો છીનવાયા છે અને આજના સમયમાં વનવાસી જેવા શબ્દો દ્વારા તેમની ઓળખને બદલી દેવાનો પ્રયાસ થઈ રહ્યો છે. "આદિવાસી શબ્દ હક્ક અને માલિકી દર્શાવે છે, જ્યારે "વનવાસી શબ્દ આ હકીકતને નકારી કાઢે છે.



રાહુલ ગાંધીજીએ જાતિ ગણતરી (કાસ્ટ સેન્સસ)ની આવશ્યકતા પર ભાર મૂક્યો અને જણાવ્યું કે દેશની વાસ્તવિક સામાજિક રચનાને સમજવા માટે (અનુ. આઠમા પાને)